Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:68 Dt.30-12-2021 (Thursday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

કાલે સીએમને સત્કારવા લાલ જાજમ પાથરતું રાજકોટ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો ભવ્ય રોડ-શો, અભૂતપૂર્વ સન્માનની તડામાર તૈયારી

(તસવીરઃ દિલીપ ગોહેલ)

ભાજપમાં જબરો થનગનાટ અને ઉત્સાહ, પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી અને પાંચ મંત્રીઓ જોડાશેઃ સવારે એરપોર્ટથી ડીએચ કોલેજ સુધી રોડ–શો, માર્ગમાં ઠેર–ઠેર ડીજે અને બેન્ડવાજાથી અભૂતપૂર્વ સત્કાર કરાશે

ગામેગામથી મુખ્યમંત્રીનાં સત્કાર અને સુશાસન સમારંભમાં ઉમટી પડવા ભાજપ કાર્યકરોને હાકલઃ સુરક્ષા માટે ખડકાયો પોલીસનો જંગી કાફલો, મુખ્યમંત્રી બન્યા બાદ પહેલીવાર રાજકોટ આવતા ભુપેન્દ્ર પટેલ માટે હૃદયનાં કમાડ ખોલશે રાજકોટવાસીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

મુખ્યમંત્રી બન્યા બાદ પહેલીવાર રાજકોટની મુલાકાતે પધારી રહેલા ભુપેન્દ્ર પટેલનું ભવ્ય અને અભૂતપૂર્વ સન્માન કરવા માટે રાજકોટમાં તડામાર તૈયારીઓને આકરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને ભાજપમાં ઉત્સાહનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે. આવતીકાલ તા.૩૧ ડિસેમ્બરને શુક્રવારે સવારે રાજકોટનાં રાજમાર્ગ પર મુખ્યમંત્રીનો

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાતની કોરોના પરિસ્થિતિ વિશે મુખ્યમંત્રીનું મંથન

વધતા જતા કેસો રોકવાના ઉપાય વિચારવા કેબિનેટની ખાસ બેઠક

નિયમો બધા માટે સરખા, લોકોને માસ્ક અપાશેઃ હર્ષ સંઘવી

કોરોનાનાં નવા ૫૪૮ કેસ અને ઓમિક્રોનનાં નવા ૧૯ કેસો નોંધાયા : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની તાકીદની બેઠક

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં કોરોના અને ઓમિક્રોનનાં વધતા જતા કેસોને પગલે રાજ્ય સરકાર વધુ ચિંતાતુર થઇ ઉઠી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની તાકીદની બેઠક યોજવામાં આવી છે અને કોરોનાનાં બે રૂપનાં સાગમટે પ્રસરણને રોકવા માટે કેવા પગલા લઇ શકાય તેની ઊંડી સમીક્ષા કરવામાં આવી રહી છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૫૪૮ કેસ અને ઓમિક્રોનનાં ૧૯ કેસો નોંધાતા રાજ્ય સરકાર વધુ સતર્ક બની છે. સુરતમાં કોરોનાનાં નવા ૭૨ કેસો અને ઓમિક્રોનનાં ૬ કેસ બે દિવસમાં જ નોંધાતા મનપા અને આરોગ્યતંત્ર દ્વારા તાકીદનાં પગલા લેવામાં આવી રહ્યા છે. સુરતમાં મહાનગરપાલિકાએ કડક નવા નિયંત્રણો જાહેર કર્યા છે. તમામ હોટેલો, રેસ્ટોરાં અને જીમમાં એસી ચાલુ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

સુરતમાં મનપાનો મહત્વનો નિર્ણય, હોટેલ–રેસ્ટોરાંમાં એસી ની મનાઈઃ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં કેસોમાં ભારે ઉછાળો

જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧૦ જાન્યુઆરીનાં રોજ ગુજરાતની મુલાકાતે આવે તેવી સંભાવના છે. ગાંધીનગર ખાતેનાં ઉચ્ચ સરકારી સુત્રોએ જણાવ્યા મુજબ વડાપ્રધાન તા.૧૦ મી જાન્યુઆરીનાં ગુજરાત આવશે અને બીજા દિવસે ૧૧ મી જાન્યુઆરીના રોજ કેવડીયા કોલોનીની મુલાકાત લે તેવી સંભાવના છે. વડાપ્રધાન કેવડીયામાં તાલીમાર્થી આઈએએસ અધિકારીઓને સંબોધન કરે અને બાદમાં નર્મદા મહાઆરતીમાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. સતાવાર કાર્યક્રમ હવે જાહેર થશે. વડાપ્રધાને જાન્યુઆરીમાં આરબ દેશોની મુલાકાત મોકૂફ રાખી છે. એટલે તેઓ ગુજરાતની

મુલાકાતે આવે તેવી સંભાવના હોવાનો સરકારી સુત્રોએ જણાવ્યું હતું.(૨.૧૨)

જમ્મુ અને કાશ્મીરમાં ૬ ખૂંખાર ત્રાસવાદીઓ ઠાર

લશ્કરી દળોની મોટી સફળતા, તમામ આતંકી જૈશ સંગઠનનાં હતાઃ બે અલગ–અલગ અથડામણમાં એક પોલીસ કર્મીને પણ ઈજા

(એજન્સી સમાચાર)

શ્રીનગર, તા.૩૦

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ સામેની ભારતીય સુરક્ષા દળોની ઝુંબેશમાં તાજેતરનાં સમયની સૌથી મોટી સફળતા મળી છે. બે અલગ-અલગ સ્થળે થયેલા ભીષણ એનકાઉન્ટરમાં સુરક્ષા દળોએ બે પાકિસ્તાની નાગરિક સહિત ૬ ખૂંખાર આતંકવાદીઓને ઠાર માર્યા

હતા. સુરક્ષા દળોનાં હાથે મરાયેલા તમામ આતંકી ત્રાસવાદી સંગઠન જૈશના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ગુરૂવારે વહેલી સવારે કાશ્મીરનાં અનંતનાગ અને કુલગામ જિલ્લાઓમાં ત્રાસવાદીઓ સાથે જોરદાર અથડામણો થઇ હતી. બંને જિલ્લાઓમાં સુરક્ષા દળોએ ત્રાસવાદીઓ જ્યાં છુપાયા હતા એ વિસ્તારને ઘેરી શોધખોળ શરૂ કરી હતી. સામસામા ભારે ગોળીબારો શરૂ થતા જૈશના ૪ ત્રાસવાદી અને બે પાકિસ્તાની સ્થાનિક ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. તેમ કાશ્મીરનાં આઈજીપી વિજયકુમારે જણાવ્યું હતું.

કુલગામનાં મીરહામા વિસ્તારમાં અથડામણ થઇ હતી. બીજી અથડામણ અનંતનાગ પાસેનાં દુરૂ વિસ્તારમાં થઇ હતી. જ્યાં એક પોલીસ કર્મીને પણ ઈજા થઇ હતી. તાજેતરનાં સમયની આતંક વિરોધી આ સૌથી મોટી સફળતા ગણાય છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

જ્યાં સુધી લોકો નિયમ પાલન નહીં કરે ત્યાં સુધી કોરોના મહામારી અટકાવી નહીં શકાયઃ અમિત શાહ

૧૫ થી ૧૮ વર્ષની વયના તમામને રસી મુકાવી લેવા ગૃહમંત્રીનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્રનાં ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ ટકોર કરી હતી કે, જ્યાં સુધી લોકો જાગૃત ન થાય અને તમામ કોરોના પ્રોટોકોલનું પાલન કરતા ન થાય ત્યાં સુધી આપણે કોરોના મહામારી પ્રસરતી અટકાવી શકીશું નહીં. મહામારીને ખતમ કરવા દરેક વ્યક્તિએ સાથે મળીને કામ કરવું પડશે. સરકારે નિર્ધારિત કરેલી ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે.

તેમણે વેક્સિનનો બીજો ડોઝ પણ તત્કાલ લઇ લેવા અને ૧૫ થી ૧૮ વર્ષની વયનાં તમામ નાગરિકોનું વહેલી તકે રસીકરણ કરવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગરનાં પોતાના મત વિસ્તારમાં રૂ.૫૦ કરોડનાં વિકાસકામોનું વિડીયો કોન્ફરન્સથી ભૂમિપૂજન અને લોકાર્પણ કરતા ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસનાં વધતા જતા કેસો સામે વહીવટીતંત્ર એકદમ સતર્ક બનવું જરૂરી છે. મહામારી રૂપ બદલીને ફરી ઉછાળો મારી રહી છે. આથી પાલિકા, મનપા, જિલ્લા પંચાયતો અને રાજ્ય સરકાર બધાએ સતર્ક રહેવું પડશે.

અમિત શાહે ઉમેર્યું હતું કે, સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. પણ જ્યાં સુધી લોકો જાગૃત ન થાય અને સરકારે જાહેર કરેલી

ગાઈડલાઈન્સનો અમલ ન કરે તો કોરોના વાયરસ ફેલાતો અટકાવી શકાશે નહીં. બધાએ સાથે મળીને કામ કરવું પડશે. વાયરસથી બચવા માટેનો એક જ ઉપાય રસીકરણ છે. વેક્સિનનાં ડોઝની કોઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

મહાત્મા ગાંધી વિશે ટિપ્પણી કરનાર કાલીચરણ મહારાજની ધરપકડ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩૦

મહાત્મા ગાંધીજી વિશે અપમાનજનક ટીપ્પણી કરવા બદલ કાલીચરણ મહારાજની ધરપકડ કરી લેવામાં આવી છે. છત્તીસગઢના રાયપુર શહેરની પોલીસ ટુકડીએ મધ્યપ્રદેશનાં ખજૂરાહો પાસેનાં બાગેશ્વરધામ માંથી મહારાજની ધરપકડ કરી લીધી હતી.

ધર્મ સંસદ ખાતે પોતાના ભાષણમાં આરોપીએ ગાંધીજીને ઉતારી

પાડતા ખૂબ જ ઉશ્કેરણીજનક વિધાનો કરતા હતા. એ અંગે રાયપુરમાં પોલીસ ફરિયાદ દાખલ થઇ હતી. ત્યારબાદ રાયપુર પોલીસે મધ્યપ્રદેશ પહોંચી મહારાજની ધરપકડ કરી લીધી હતી.(૨.૧૨)

૧૫ ખાલી જગ્યાઓ માટે ૧૧ હજાર બેકારોની અરજી!

મધ્યપ્રદેશમાં બેરોજગારીનાં કડવા દ્રશ્યોની વાસ્તવિકતાઃ ૧ લાખ સરકારી નોકરી ખાલી છે, પણ અરજદારો ૩૨ લાખ

(એજન્સી સમાચાર)

ભોપાલ, તા.૩૦

મધ્યપ્રદેશમાં બેરોજગારીનું વધતું જતું પ્રમાણ તમામ પાછલા વિક્રમ તોડી રહ્યું છે. કડવી વાસ્તવિકતાનું એક ઉદાહરણ ગ્વાલિયરમાં જોવા મળ્યું હતું. જ્યાં ૧૫ જેટલી ખાલી જગ્યાઓ માટે નોકરી મેળવવા ૧૧ હજાર બેરોજગારો ઉમટી પડ્યા હતા.

ડ્રાઈવર, ચોકીદાર જેવી ખાલી જગ્યાઓ ભરવા માટે ધો-૧૦ પાસ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. પરંતુ આવી નોકરી પણ મેળવવા માટે સ્નાતક, અનુસ્નાતક, એમબીએ, એન્જીનિયર અને કાયદાની ડિગ્રી ધરાવનારાની પણ વરવી વાસ્તવિકતા છતી થઇ હતી.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણના ગમે તેવા દાવા હોય પણ વાસ્તવિકતાએ છે કે, મધ્યપ્રદેશમાં ખાલી પડેલી હજારો સરકારી નોકરીઓ પર કોઈ ભરતી કરવામાં આવતી નથી. પટાવાળાનાં હોદ્દા માટે યુ.પી. થી

આવેલા એક ગ્રેજ્યુએટ યુવાને અરજી કરી હતી. એક લાખ જેટલી સરકારી જગ્યાઓ ખાલી છે પણ તેના માટે ૩૨ લાખ અરજદારોએ અરજી કરી છે.(૨.૧૨)

વડાપ્રધાનની યુએઈ યાત્રા મુલત્વી

તા.૬જાન્યુ.એના નરેન્દ્ર મોદી આરબ દેશોની મુલાકાતે જવાના હતા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએઈ ની નિર્ધારિત યાત્રા મોકૂફ રહી હોવાનું સતાવાર સુત્રોએ જાહેર કર્યું હતું. વડાપ્રધાન મોદી છઠી જાન્યુઆરીનાં રોજ ભારતનાં ખાસ મિત્ર ગણાતા યુએઈ ની મુલાકાતે જવાના હતા. તેઓ યુએઈ નાં ટોચનાં નેતાઓ સાથે ચર્ચા-વિચારણા કરવાના હતા. મોદીજી ની યાત્રા મોકૂફ રહ્યાનું કોઈ સતાવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી.(૨.૧૨)

આઇટી રિટર્ન ફાઇલ કર્યા બાદ વેરિફાઇ કરવાની મુદ્દતમાં વધારોઃ ૨૮ ફેબ્રુઆરી સુધીમાં રિટર્ન વેરિફાય કરી શકાશે

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

એઈમ્સનાં નિયામક ડો.ગુલેરીયાનો નવા વર્ષનો સંદેશ

કોરોનાથી ડરો નહીં સાવધ રહો, ઓક્સિજન-દવાઓનો બગાડ અટકાવો

સહુને નવું વર્ષે સુખમય અને સ્વાસ્થ્ય સભર રહેવાની શુભેચ્છા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩૦

એઈમ્સનાં નિયામક ડો. રણદીપ ગુલેરીયાએ નવા વર્ષના ખાસ સંદેશામાં લોકોને કોરોના મહામારીથી ભયભીત ન થવા પણ સાવધ રહેવા અને ઓક્સિજન સિલિન્ડર તથા દવાઓનો બગાડ નહીં કરવા લોકોને અનુરોધ કર્યો હતો.

કોરોના મહામારીનાં વધતા જતા કેસો સમયે લોકોને ખાસ સાવધ રહેવાની સલાહ આપતા ડો.ગુલેરીયાએ નવું વર્ષ બધા માટે સુખમય, તંદુરસ્તીથી ભર્યું અને સમૃધ્ધ બની રહે એવી હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, આપણે નવા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે એ સમજી લઈએ કે મહામારીનો અંત આવ્યો નથી. છતાં આપણે અત્યારે સારી સ્થિતિમાં છીએ. મોટા પ્રમાણમાં લોકોનું રસીકરણ કરી લેવામાં આવ્યું છે. તેમ છતાં કેસો વધી રહ્યા છે. એટલે એ જરૂરી છે કે આપણે માસ્ક, સામાજીક અંતર તેમજ ભીડથી દૂર રહેવાના કોવિડ પ્રોટોકોલનું પાલન કરતા રહીએ. કોઈ સ્થળે સુપર સ્પ્રેડરથી સ્થિતિ ન સર્જાય એ જોવું જોઈએ.

તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધીનો અભ્યાસ સૂચવે છે કે, ઓમિક્રોન સંસ્કરણ હળવું છે અને શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ એકદમ ઘટાડી દેતું નથી. પરિણામે હાલ તુરંત ઓક્સિજનની કદાચ વધુ જરૂર નહીં પડે. છતાં આપણે ઓક્સિજન સિલિન્ડર અને દવાઓનો બગાડ અટકાવવો

જોઈએ. કદાચ કેસો વધુ ઉછાડા મારે તો પણ હવે આપણો દેશ તૈયાર છે. આપણે ભયભીત થવાનું નથી પણ સાવધ રહેવાનું છે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

આખરે મનપાની આંખ ઉઘડી, ગટરના ઢાંકણા ઢકાયા

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
IMPACT

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ અમુક વોર્ડમાં મોટી સમસ્યા હોય તેનુ પણ સોલ્યુશન થતું હોતું નથી. શહેરના અનેક વોર્ડ એવા છે કે જ્યાની સમસ્યાની તેના કોર્પોરેટરને પણ ખબર હોતી નથી. વોર્ડનં.૬નો તુલસીપાર્ક મેઈન રોડ. આ રોડ પર છેલ્લા કેટલાક દિવસોથી ગટર પર ઢાકેલી લોંખડની ઝાળી નીકળી ગઇ છે અને ખુલ્લી પડી છે નો અહેવાલ ગઇકાલે તા.૨૯ને બુધવારના રોજ સૌરાષ્ટ્રક્રાંતીએ પ્રસિધ્ધ કર્યો હતો અને તંત્રનું ધ્યાન દોર્યું હતું. પ્રસિધ્ધ થતાની સાથે જ તંત્રએ તાબતોડ અધિકારીઓને દોડાવીને કામગીરી કરાવી હતી અને કામગીરી થતા વોર્ડનં૬ના રહેવાસીઓએ સૌરાષ્ટ્રક્રાંતીનો આભાર માન્યો હતો આજુબાજુના રહેવાસીઓએ ફરીયાદ કરી હોવા છતા કોર્પોરેટર દ્વારા પણ આ સમસ્યાનું કોઇ નિરાકરણ લાવવામાં આવતું ન હતું અને લોકોને હાલાકીનો સામનો કરવો પડતો હતો પણ લોકોના પ્રશ્નોને વાચા આપી કામગીરી કરાવાઇ હતી અને વધુમાં વાત કરીએ તો આવા નાના પ્રશ્નો શહેરના તમામ વોર્ડમાં હોય છે લોકો એકથી બે વાર રજુઆત કરીને થાકી જતા હોય છે અને સ્વીકારી લે છે કે કામ નહીં જ થાય આ અંગે કોર્પોરેટરોએ વોર્ડની વિઝીટ કરીને લોકોની સમસ્યા સાંભળવી જોઇએ અને તેનું નિરાકરણ લાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ જે કોર્પોરેટરોની ફરજ છે. તેને નિભાવતી જોઇએ.

રાજકોટ મનપાના પાપે હાલાકી ભોગવતા વોર્ડનં.૬ના રહેવાસીઓ

કોર્પોરેટરોને પણ આવડા મોટા ખાડાઓ દેખાતા નથી

કોઇ અકસ્માત થશે તો જવાબદાર કોણ કોર્પોરેટર કે કોર્પોરેશન તંત્ર??

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને સ્માર્ટ સિટી અંતર્ગત સુંદર, સુવિધામયું બનાવવા તથા ટ્રાફીક મુવમેન્ટ સરળ થાય તથા રાહદારીઓને થતી મુશ્કેલીઓના નિવારણ માટે શહેરમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પણ અમુક વોર્ડમાં મોટી સમસ્યા હોય તેનુ પણ સોલ્યુશન થતું હોતું નથી. શહેરના અનેક વોર્ડ એવા છે કે જ્યાની સમસ્યાની તેના કોર્પોરેટરને પણ ખબર હોતી નથી. તેનો નમુનો આપે છે વોર્ડનં.૬નો તુલસીપાર્ક મેઈન રોડ. આ રોડ પર છેલ્લા કેટલાક દિવસોથી ગટર પર ઢાકેલી લોંખડની ઝાળી નીકળી ગઇ છે અને ખુલ્લી પડી છે. પણ કોઇને તેને રીપેર કરવામાં જાણે રસ જ નથી એવુ દેખાઇ રહ્યું છે. આજુબાજુના રહેવાસીઓએ ફરીયાદ કરી હોવા છતા કોર્પોરેટર દ્વારા પણ આ સમસ્યાનું કોઇ નિરાકરણ લાવવામાં આવતું નથી અને લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. આ ખુલ્લા ખાડાઓને લીધે જો કોઇ અકસ્માત સર્જાઇ તો જવાબદાર કોને ગણવાના વોર્ડના કોર્પોરેટરને કે કોર્પોરેશનને તેવુ પણ લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.(૪.૪)

જાહેરમાં ધોડીપાસાથી પૈસાની હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે પકડ્યા

રાજકોટઃ બી ડિવિઝન પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી ત્યારે હે.કો.કેતનભાઇ નીકોલા, કોન્સ. કિશનભાઇ સભાડ તથા મિતેશભાઇ આડેસરાની બાતમી પરથી ભગવતીપરા, ઝુંડીયાની પાછળ નદીના પટમાં દરોડો પાડી પાંચ શખ્સો ભાવેશ પંકજભાઇ તાલપરા ઉ.વ.-૨૮, રહે, સૈફીપાર્ક, બદ્રીપાર્ક ની બાજુમાં, ભગવતીપરા, , જગદિશ રમેશભાઇ રાઠોડ ઉ.વ.-૨૮, રહે, અંબિકા પાર્ક શેરી નં.-૧, ભગવતીપરા, રમઝાન કાસમભાઇ ચલાંગા ઉ.વ.-૩૨, રહે, ભગવતી પરા, બોરીચા સોસા., મિયાણાવાસ, તોસિફ મહેબુબભાઇ સૈયદ ઉ.વ.-૨૭, રહે, બોરીચા સોસા., મિયાણાવાસ, ભગવતીપરા, તથા હરેશ કાળુભાઇ ખેતલીયા ઉ.વ.-૩૫, રહે, જયપ્રકાશ નગર, શેરી નં.-૧૨, ભગવતીપરાને ધોડીપાસાથી પૈસાની હારજીતનો જુગાર રમતા પકડી પાડી રોકડા રૂપીયા ૧૨,૧૨૦ અને બે નંગ ધોડીપાસા કબ્જે કર્યા છે. પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ, જેસીપી ખુરશીદ એહમદ, ડીસીપી મનોહરસિંહ જાડેજા, એસીપી એસ.આર.ટંડેલની સૂચના અને પોલીસ ઇન્સપેકટર એમ.બી.ઔસુરાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. કે.યુ.વાળા તથા એ.એસ.આઇ. સલીમભાઇ માડમ તથા પો.હે.કો.કેતનભાઇ નીકોલા તથા પો.કોન્સ. દિલીપભાઇ ખાંભરા તથા મીતેષભાઇ આડેસરા તથા પરેશભાઇ સોઢીયા તથા કિશનભાઇ સભાડ તથા દિવ્યરાજસીંહ કાળુભા તથા વિજયજીતસિંહ ઝાલા સહિતે આ કામગીરી કરી હતી.

આર્થિકભીંસથી કંટાળી ૧૭ વર્ષના કિશોરે ગળાફાંસો ખાધો

રાજકોટઃ રાજકોટ નજીક કુવાડવા હાઇવે પર આવેલા દેવનગરના ઢોરે રહેતા અને મજૂરી કામ કરતા હરેશ સુરાણીનામના કિશોરે કામધંધો નહીં મળતા આર્થિક ભીંસથી કંટાળી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે. બનાવની જાણ થતા પોલીસ દોડી ગઇ હતી અને મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર સાત હનુમાન મંદિર પાસે દેવનગરના ઢોરે રહેતા હરેશ ભગવાનજીભાઇ સુરાણી (ઉં.વ૧૭)નામના સગીરે ગઇકાલે સાંજે પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બાદમાં ૧૦૮ને જાણ કરાતા ઇએમટી કોમલબેન જોઇ તપાસી કિશોરને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં કુવાડવા પોલીસ મથકના PSI પી.જી, રોહડિયા બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને જરૂરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર હરેશ બે ભાઈમાં નાનો હતો તેના માતા-પિતા મજૂરી કામ કરે છે. ભાઈ પણ મજૂરી કામ કરતો હોય ગઈકાલે માતા-પિતા કામ અંગે બહાર ગયા હતા.

પોલીસને જાણ વગર બુટલેગરને મકાન ભાડે આપનાર મહિલા સહીત બે ની ધરપકડ

ચાર મહિનામાં ૬ વખત દારૂ ઉતાર્યો હતોઃ દારૂ મોકલનાર કુખ્યાત નાગદાન ગઢવી અને ભાવનગરના બુટલેગર ઇમરાન કાલવાનીસ શોધખોળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૩૦

કુવાડવા જીઆઇડીસીના ગોડાઉનમાં ચાલતા દારૂના કટિંગ વખતે ક્રાઇમ બ્રાંચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૩૨.૪૬ લાખનો દારૂ તેમજ આઇસર અને છોટા હાથી સહીત રૂ.૪૧ લાખના મુદ્દામાલ સાથે બાળ આરોપી સહીત છ શખ્સોની ધરપકડ કરી હતી. આ દારૂનો જથ્થો વડોદરાના નામચીન બુટલેગર નાગદાન ગઢવીએ ભાવનગરના બુટલેગરને મોકલ્યો હોવાનું ખુલ્યું હતું.દારૂ પ્રકરણમાં બુટલેગરને ગોડાઉન અને મકાન ભાડે આપનાર મહિલા સહીત બે ની ક્રાઇમ બ્રાંચે ધરપક કરી છે.બુટલેગર ઇમરાન કાલવાએ દારૂ છુપાવવા માટે કુવાડવા રોડ ઉપર જે ગોડાઉન ભાડે રાખ્યું તે નાના મવા રોડ ઉપર નહેરુ નગર સોસાયટીમાં રહેતા જયશ્રીબેન રમેશભાઇ રાઠોડ પાસેથી ભાડે રાખવામાં આવ્યું હતું.છેલ્લા ૪ માસથી ભાડે રાખેલ ગોડાઉનમાં અગાઉ ૬ વખત દારૂનો જથ્થો ઉતાર્યો હતો તેમજ દારૂ ઉતારવા અને સપ્લાય માટે જે માણસો કામે રખાયા તેને કુવાડવા ગામના પ્રેમજી કરમશીભાઇ અઘોલાએ મકાન ભાડે આપ્યું હતું.

આ બન્ને અંગે તપાસ કરતા જયશ્રીબેને ભાડા કરાર કર્યો હોય પરંતુ પોલીસને જાણ કરી ન હતી જયારે પ્રેમજી અઘોલાએ કોઇ ભાડા કરાર કે પોલીસને જાણ વગર મકાન ભાડે આપ્યું હોય બન્ને સામે ગુનો નોંધી ક્રાઇમ બ્રાંચે બન્નેની ધરપકડ કરી છે. પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ, જેસીપી ખુરશીદ અહમદ, ડીસીપી મનોહરસિંહ જાડેજા, ડીસીપી પ્રવીણ કુમાર મીણાની સુચનાથી એસીપી ડી.વી.બસિયા, પી.આઇ વી.કે.ગઢવીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ વી.જે.જાડેજા તથા તેમની ટીમના એ.એસ.આઇ. રાજદિપસિંહ ગોહિલ, જયેશભાઇ નિમાવત, હિતેન્દ્રસિંહ ઝાલા, ભરતસિંહ પરમા, મહેશભાઇ ચાવડા, જયદિપસિંહ બોરાણા, શકિતસિંહ ગોહીલ, કુલદિપસિંહ જાડેજા સહિતના સ્ટાફે આ કેસમાં તપાસ ચલાવી રહ્યો છે.

રાજકોટના ખરેડી ગામે દારૂ પીવા મામલે માથાકૂટ થતાં દંપતીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું

બે સંતાનોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩૦

રાજકોટના ખરેડી ગામના શ્રમિક પરિવારનો માળો પીખાયો હતો.જેમાં રોજ દારૂ પીને આવતા પતિને દારૂ પીવાની ના પાડતા દંપતી વચ્ચે ઝઘડો થયો હતો અને ત્યારબાદ નશામાં જ પતિએ ઝેરી દવા પીધા બાદ પત્નીએ પણ ઝેરી દવા પી લીધી હતી અને બન્નેને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવતા બંનેના મોત નિપજ્યા હતા.દંપતીના મોતથી સંતાનોએ માતા પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના કુવાડવા નજીક આવેલ ખરેડી ગામે ચંદુભાઈ કેરડીયાની વાડીએ રહેતા મૂળ વડોદરાના રણજિતભાઈ ઉદયભાઈ ઠાકોર(ઉ.વ.૪૫) અને તેઓના પત્ની નયનાબેન રણજિતભાઈ ઠાકોર (ઉ.વ.૩૫) બંનેએ રાત્રીના સમયે કપાસમાં નાખવાની ઝેરી દવા પી લેતા તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.ત્યાં સારવાર દરમિયાન બંનેના મોત નિપજ્યા હતા. તેઓ મૂળ વડોદરાના અને છેલ્લા એક વર્ષથી ખરેડી ગામે વાડીએ રહી મજૂરી કામ કરતા હતા. તેમને સંતાનમાં બે દીકરા છે.પોલીસમાંથી જાણવા મળ્યું હતું કે,રણજિત દરરોજ દારૂનો નશો કરી આવતો હોય અને પત્નીએ દારૂ પીવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો.જેથી સૌ પ્રથમ રણજીતે અને બાદમાં તેની પત્નીએ ઝેરી દવા પી લીધી હતી.બંનેના મોતથી સંતાનોએ માતા પિતાની છત્રછાયા ગુમાવી છે.બંનેને મૃતદેહનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાયું હતું અને અંતિમવિધિ માટે દંપતીના મૃતદેહને વતન લઇ જવામાં આવ્યો છે એ ઘટના અંગે વડોદરા નજીક રહેતા મૃતકના પરિવારને પણ બનાવની જાણ કરવામાં આવી છે.

'દિવ્ય કાશી ભવ્ય કાશી' અંતર્ગત કર્ણાવતી ખાતે

'ધર્માચાર્ય આશીર્વાદ સમારોહ' કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે દિવ્ય કાશી ભવ્ય કાશી કાર્યક્રમ અંતર્ગત તાજતરમાં જ ડિસેમ્બરમાં રોજ કાશી કોરિડોર નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં દેશભરમાંથી સાધુ-સંતો મહંતઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા તથા મહામંત્રી સર્વ નાગદાનભાઈ ચાવડા મનસુખભાઈ રામાણી મનીષભાઈ ચાંગેલા એ આ કાર્યક્રમને અનુલક્ષીને રાજકોટ જિલ્લા સાંસ્કૃતિક સેલના મિલન કોઠારીની ઇન્ચાર્જ તરીકે તથા રાજકોટ જિલ્લા મીડિયા અરૂણભાઇ નિર્મળની સહ ઇન્ચાર્જ તરીકે વરણી કરવામાં આવેલ છે. દિવ્ય કાશી ભવ્ય કાર્યક્રમ અંતર્ગત આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૨ મંગળવાર સાંજે ૪-૦૦ કલાકે રિવરફ્રન્ટ , વલ્લભ સદન પાછળ, કર્ણાવતી મહાનગર ખાતે ભવ્ય ધર્માચાર્ય આશીર્વાદ સમારોહ રાખવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા, ભાયાવદર, ધોરાજી, જામકંડોણા, જેતપુર, ગોંડલ, કોટડાસાંગાણી,

લોધીકા, રાજકોટ તાલુકો, પડધરી તાલુકા, જસદણ, વિછિયા તાલુકા સહિત ઉપરોક્ત ધર્માચાર્ય આશીર્વાદ સમારોહમાં રાજકોટ જિલ્લાના ધર્માચાર્યો મંદીરના પિઠાધિપતિ સાધુ સંતો મહંતઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. મિલન કોઠારી અને અરૂણ નિર્મળ ની સંયુક્ત યાદી જણાવેલ છે.

રાજકોટ જેલનો ફરાર કેદી ઝડપાયો

રાજકોટ,તા. ૩૦: રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક બલરામ મીણા જેતપુર ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક સાગર બાગમારે નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોઇ પોલીસ ઇન્સ્પેકટર, જે. બી. ફરમુરના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. દરમ્યાન પો. કોન્સ. ઘનશ્યામસિંહ જાડેજા તથા શકિતસિંહ ઝાલાને મળેલ હકિકત આધારે રાજકોટ મધ્યસ્થ જેલના સજા કાપતા પાકા કામના કેદી નં. ૪૭૯૧૦ નામે નાસીરભાઇ સીતારભાઇ ભટ્ટી, પીંજારા, (ઉ.વ.૩૫, રહે. ભાદર રોડ, અલીપીરની દરગાહ પાસે, જેતપુર વાળાને જેતપુર, કુલવાડી, કોશરશા પીરની દરગાહ પાસેથી પકડી પાડી બાકીની સજા ભોગવવા માટે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.આ કામગીરી જે. બી. ફરમુર, હિતેષભાઇ સોવલીયા, શકિતસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ જાડેજા, હિતેષભાઇ વરૂ, મનદીપસિંહ જાડેજા, પાર્થભાઇ સોજીત્રા, અભયરાજસિંહ જાડેજાએ કરી હતી.

રેલવે કર્મચારીઓને એપથી મળશે સ્વાસ્થ્ય સેવાઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩૦

ડીજીટલ દૌરમા રેલ્વે હોસ્પિટલ પણ આધુનિક રૂપ ધારણ કરે છે. રેલ્વે તેની તમામ હોસ્પિટલોને હેલ્થ મેનજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમથી સજ્જ કરી છે. રેલવે કર્મચારીઓને હવે એપના માધ્યમોથી જ હોસ્પિટલો સાથે જોડાયેલ સુવિધાઓ આપવા જઈ રહી છે. એમ્બ્યુલન્સની બુકિંગ કે ઓપીડીનો નંબર હવે લાઈનમાં રાહ જોયા વગર મળી શકશે. આટલુ જ નહી હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોય તેવી દવા ઘર બેઠા ઓનલાઈન મંગાવી શકાશે. રેલ્વેની બધી હોસ્પિટલો અને સ્વાસ્થ્ય એકમોને રેલટેલએ એચ.એમ.આઈ.એસ સાથે જોડવાનું કામ પૂર્ણ કર્યું છે. જે એક વેબ મલ્ટી મોડયુઅલ સુવિધા છે તેને હોસ્પિટલના વહીવટ અને દર્દીઓને નજીક લાવ્યા છે. આ અંતર્ગત એક એપ વિકાસાવામાં આવી છે. જેને પ્લેસ્ટોર પરથી ડાઉનલોડ કરીને ઓપીડી રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. નવા વર્ષની ભેટ સ્વરૂપે તેમાં એમ્બ્યુલન્સ બુક કરવાની સુવિધા પણ હશે. દર્દી તેમના તમામ મેડિકલ રેકોર્ડ મોબાઈલ પરથી જ જોઈ શકશે. પ્રયોગશાળા પરીક્ષણ પરિણામોના

મેન્યુઅલ ડેટા એન્ટ્રીની પણ જરૂર નહી રહે.આ પ્લેટફોર્મ કર્મચારીઓની યૂનિટ મેડિકલ આઇડી સાથે જોડાયેલા છે આ માટે ભારતીય રેલવેના નિયમિત કર્મચારીઓ, પેન્શનરો અને પરિવારના સભ્યોને લગભગ ૪૨ લાખ જેટલા યૂનિક મેડિકલ આઈડી કાર્ડ પ્રદાન કર્યા છે.

જસદણમાં પતિએ કરેલા હુમલામાં ઘાયલ પરિણીતાનું મોતઃ બનાવ હત્યામાં પલટાયો

ચારિત્ર્ય બાબતે શંકા કરી પતિએ કરેલા જીવલેણ હુમલામાં ઈજાગ્રસ્ત મહિલાએ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યોઃ પતિની ધરપકડ

રાજકોટ,તા. ૩૦

જસદણમાં આંબેડકરનગરમાં રહેતી પરિણીતા ઉપર તેના પતિએ ચારિત્ર્ય બાબતે શંકા કરી જીવલેણ હુમલો કરતા ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જેનું સારવાર દરમિયાન મોત થતા આ બનાવ હત્યામાં પલટાયો છે. આ મામલે જસદણ પોલીસમાં પરિણીતાના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો નોંધી હત્યાની કલમનો ઉમેરો કરી હત્યારા પતિની ધરપકડ કરી છે.પરણીતાના મોત થી બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

મળતી વિગતો મુજબ, જસદણના આંબેડકરનગરમાં રહેતી દયાબેન સુનિલભાઈ પરમાર ઉપર તેના પતિ સુનિલ વાલજી પરમારે જીવલેણ હુમલો કરતાં સારવાર માટે જસદણ હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યાં ગઈકાલે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે જસદણના ગોખલાણા ગામે રહેતા દયાબેનના પિતા જીવાભાઈ ડાયાભાઈ ખેતરીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હોય જેમાં પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી હત્યારા પતિની ધરપડક કરી છે.જીવાભાઈએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમને સંતાનમાં પાંચ દીકરી અને એક પુત્ર છે જેમાં દયાબેન ત્રીજા નંબરના છે. દયાના લગ્ન ૧૧ વર્ષ પૂર્વે જસદણના વાલજીભાઈ પરમારના પુત્ર સુનિલ સાથે થયા હતા.લગ્ન જીવન દરમિયાન સંતાનમાં બે પુત્ર છે જેમાં મયંક (ઉવ ૬) વર્ષ અને જસવીર (ઉ.વ.૨) છે. છેલ્લા ઘણા વખતથી સુનિલ પુત્રી દયા સાથે વારંવાર ચારિત્ર્ય અંગે શંકા-કુશંકા કરી ઝઘડો કરતો હોય ગત તા. ૨૮ના રોજ દયાબેન ઉપર રાત્રિના સુનિલે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી માથાના ભાગે અને ગરદને ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ અંગેની જાણ દયાબેનના દિયર નીલેશ વાલજીભાઈ પરમારે ફોન કરીને હોય જેથી જીવાભાઈ તથા પરિવારજનો જસદણ અને ત્યારબાદ રાજકોટ દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત દયાબેનને ગંભીર હાલતમાં સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હોય જેનું સારવાર દરમિયાન મોત થતા આ બનાવ હત્યામાં પલટાયો છે.આ મામલે જસદણ પોલીસે સુનિલ પરમાર સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

પડધરીના ધુના ગામની સીમમાં ચાલતી જુગાર કલબ ઉપર એલસીબીનો દરોડોઃ રાજકોટની બે મહિલા સહિત ૮ ઝડપાયા

૮૦ હજારની રોકડ સહિત રૂ.૭.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જેઃ એલસીબીના પીઆઈ એ.આર.ગોહિલ અને ટીમની કામગીરી

રાજકોટ, તા. ૩૦

પડધરીના ધુના ગામની સીમમાં રાજકોટ ગ્રામ્ય એલસીબીએ બાતમીના આધારે દોરોડો પાડી જુગાર રમતી રાજકોટની બે મહિલા સહીત કુલ ૮ લોકોની ધરપકડ કરી ૮૦૭૨૦ ની રોકડ સહીત રૂ.૭.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી વિગતો મુજબ રાજકોટના પડધરીના ધુના ગામની સીમમાં હિંગળાજ વોકળાના કાઠે કેટલાક લીકો જુગાર રમતા હોવાની બાતમીના આધારે રાજકોટ ગ્રામ્ય એલસીબીના પી.આઈ. એ.આર.ગોહિલ સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

આ દરોડામાં જુગાર રમતા વિક્રમભાઈ મોતીભાઈ આલ જાતે રબારી (ઉ.વ. ૩૭ રહે. રાજકોટ એસ.આર.પી કેમ્પ સામે વર્ધમાન નગર રત્નમ બંગ્લોઝ ચોથુ મકાન),પંકજભાઈ મધુભાઈ ગોસ્વામી (ઉ.વ. ૩૪ રહે. રાજકોટ કોઠારીયા ગામની બાજુમા ગોવિંદગીત સોસાયટી શેરી નંબર -૩),ગભરૂભાઈ કાનાભાઈ નાંગર (ઉ.વ. ૪૫ રહે. ચોટીલા થાન રોડ ખુશી નગર -૩ તા ચોટીલા જી સુરેન્દ્રનગર)ધર્મેન્દ્રભાઈ અશ્વીનભાઈ ગૌસ્વામી (ઉ.વ. ૩૩ રહે. રાજકોટ ગોંડલરોડ ખોડીયાર નગર શેરી નંબર -૧),પ્રવિણભાઈ બાબુભાઈ કુદડા (ઉ.વ. ૪૦ રહે. રાજકોટ ગોંડલ ચોકડી પાછળ સ્વાતી પાર્ક શેરી નંબર ૨),રમેશભાઈ બચુભાઈ મારકણા (ઉ.વ. ૫૩ રહે. કાલાવડ આદર્શ પેટ્રોલપંપ વાળી શેરી ખોડલકૃપા સોસાયટી),સવિતાબેન પુનાભાઈ ભલગામડીયા (ઉ.વ. ૫૫ રહે. રાજકોટ સંત કબીર રોડ ભગીરથ સોસાયટી પુઠા ના કારખાનાની બાજુમા),મનુબેન જીણાભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૦ રહે રાજકોટ એસ.આર.પી કેમ્પ સામે વર્ધમાન નગર રત્નમ બંગ્લોઝ)ની ધરપકડ કરી હતી.

પોલીસે જુગારના પટમાંથી રોકડ રૂ.૮૦૭૨૦ તેમજ ૯ મોબાઈલ અને અર્ટિકા કાર સહીત રૂ.૭,૮૮,૨૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પીઆઈ એ. આર. ગોહીલ સાથે પી.એસ.આઈ એસ.જે.રાણા તેમજ ટીમના એ.એસ.આઈ. મહેશભાઈ જાની, શક્તિસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, બાલકૃષ્ણભાઈ ત્રીવેદી, દીપ્યેશભાઈ સુવા, કૌશીકભાઈ જોષી સહિતના સ્ટાફે કામગીરી કરી હતી

તંત્રી સ્થાનેથી...

સમગ્ર અર્બુદા પર્વતને ધુમ્મસનો જબરજસ્ત ઘેરાવો

આકાશ અત્યારે તારલિયાના સૌન્દર્યથી ઝળહળે છે. અત્યારે ચડતી કળાનો ચન્દ્ર છે અને હેમંત તુ હવે ઢળતા ઢાળે છે. શિયાળાની રાત્રિઓ એકાએક જમાવટ કરી રહી છે. એક તો ઠંડીને કારણે સન્નાટો અને એમાં શહેરોમાં રાતની સંચારબંધી. રાતના નવ વાગ્યા પછી તો ચોતરફ મધ્યરાત્રિ જેવો માહોલ છવાઇ જાય છે.

પાટનગર નવી દિલ્હીમાં તો દરરોજ ઉષ્ણતામાન બે ત્રણ ડિગ્રી ગોથું લગાવે છે. કાશ્મીરથી શરૂ કરીને ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષા શરૂ થઈ ગઈ છે. પહાડો પર ઝરમર બરફનો વરસાદ શરૂ છે એને કારણે તળેટીના વિસ્તારોમાં કાતિલ ઠંડી છે. ઉત્તર ભારતના તમામ શહેરોમાં આ વર્ષે ઠંડી વિક્રમ જનક આંકડા સુધી પહોંચવાની છે. જ્યાં કદી પણ ઉષ્ણતામાન માઇનસમાં ગયું નથી ત્યાં આ વર્ષે જશે. રાજસ્થાનમાં આબુમાં ગુજરાતી પ્રવાસીઓ ધારે ત્યારે પાછા ફરી શકતા નથી. કારણ કે ઉષ્ણતામાન શૂન્ય અને એક ડિગ્રીની આસપાસ જ રહે છે. સમગ્ર અર્બુદા પર્વતને ધુમ્મસનો જબરજસ્ત ઘેરાવો છે. તળાવની સપાટી પર પાતળા બરફના થર જામી ગયા છે.

આ વર્ષે તો મધ્યપ્રદેશમાં પણ ઠંડીએ વહેલો સપાટો બોલાવ્યો છે. સરોવરની નગરી ભોપાલમાં તો ચારે બાજુ મેઘરવો છવાઈ જાય છે. રાજ્યના દરેક શહેરોમાં સૂર્ય બહુ ઊંચે ન આવે ત્યાં સુધી ટ્રાફિક ધીમા ઝરણા જેવો થઈ જાય છે. કારણ કે વાતાવરણમાં દ્રશ્યક્ષમતા નહિવત હોય છે.

કાશ્મીરમાં ગુલમર્ગનું તાપમાન માઇનસ ૧૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. કાશ્મીર ખીણમાં કુલ્લુ વિસ્તારમાં શૂન્યથી નીચે સાત ડિગ્રી સુધી ઠંડી પડે છે. જેણે એક વાર પણ સંપૂર્ણ ભારત દર્શન કર્યું હોય એને ખબર છે કે રેલવે સ્ટેશનો અને બસ સ્ટેશનની આજુબાજુ પ્રવાસીઓ અને રખડતા-ભટકતા લોકો માટે રૈન બસેરા હોય છે. આ વખતે ઠંડીમાં વધુ રૈન બસેરાની જરૂર પડશે. કારણ કે સંખ્યાબંધ લોકો એવા છે કે જેઓએ કામ છોડી દીધું એને એક વર્ષ થઈ ગયું છે. કોરોનાએ માત્ર લોકોના જીવ નથી લીધા, પરંતુ જીવતેજીવ સુખી જિંદગી પણ લઈ લીધી છે અને એમની માથે દુ:ખના ડુંગરા ખડકી દીધા છે. એવા લોકો માટે આ શિયાળાની રાત્રિ પસાર કરવી એ વૈતરણી પાર કરવા જેવું જ અઘરું કામ છે.

ભાજપ એક શક્તિશાળી પક્ષ બની રહેશે : પ્રશાંત કિશોર

ભાજપ અંગે ભવિષ્યવાણી કરીને દેશના રાજકારણમાં ફરીથી ગરમાવો લાવી દીધો

આ મુજબનું નિવેદન કર્યું હતું જે ઘણુ સૂચક છે. પ્રશાંત કિશોર પોતે પણ હાલ ગોવામાં જ છે.

(એજન્સી સમાચાર)

કોલકાતા, તા.૩૦

આ વર્ષના આરંભે બંગાળમાં યોજાઇ ગયેલી વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનર્જીના ટીએમસી પક્ષને પ્રચંડ બહુમતી સાથે વિજેતા બનાવવામાં પ્રશાંત કિશરે ખુબ મદદ કરી હતી ને ત્યારે તેમનુ કદ પણ વધી ગયું હતું. કિશોરે કોંગ્રેસ અંગે કહ્યું હતું કે રાહુલ ગાંધી એવા ભ્રમમાં હતા કે મોદી યુગનો અંત એ ફક્ત સમયનો પ્રશ્ન છે. જો કે તેમણે તો ભારપૂર્વક એ કહ્યું હતું કે આગામી દાયકાઓ સુદી ભાજપ કેન્દ્રમાં સત્તાસ્થાને જ રહેશે, ચાહે તેની જીત થાય કે તેની હાર. દેશ જ્યારે આઝાદ થયો ત્યારે આરંભના ૪૦ વર્ષ કોંગ્રેસ જેમ કેન્દ્રમાં સત્તામા હતી બરાબર આ એવી બાબત છે એમ કિશોરે ઉમેર્યું હતું.

ભાજપ ક્યાંય જવાનો નથી, કેમ કે જો તમે રાષ્ટ્રીય સ્તરે ૩૦ ટકા મત કે કરી લો તો તમારે ક્યાંય જવાની જરૂર પડતી નથી. તેમણે કહ્યું હતું કે એવા કોઇ ભ્રમમાં રહેવાની જરૂર નથી કે લોકો નિરાશ ને નારાજ થઇ ગયા છે અને મોદીને સત્તામાંથી ફેંકી દેશે. વાસ્તવમાં સમસ્યા રાહુલ ગાંધીની છે, કેમ કે તેમને કદાચ એમ લાગી રહ્યું છે કે બસ હવે ફક્ત થોડા સમયની જ વાત છે, લોકો મોદીને સત્તામાંથી ઉખેડીને ફેંકી દેશે, જો કે તેમ થઇ રહયું નથી.ચૂંટણી અંગેની વ્યૂહરચના તૈયાર કરવામાં માહિર અને નિષ્ણાંત ગણાતા પ્રશાંત કિશોરે તેમની ગોવાની યાત્રા દરમ્યાન ભાજપ અંગે ભવિષ્યવાણી કરીને દેશના રાજકારણમાં ફરીથી ગરમાવો લાવી દીધો હતો.

ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નહી સમજવા બાબતે કિશોરે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને અનેક કટુવચનો પણ સંભળાવ્યા હતા. તેમણે કહ્યું હતુ કે આવનારા અનેક દાયકા સુધી ભારતના રાજકારણમાં ભાજપ એક શક્તિશાળી પક્ષ બની રહેશે. ભાજપને હરાવવા તેના હરિફ પક્ષોને દાયકાઓ સુધી લડતા રહેવું પડશે એમ કિશોરે ઉમેર્યું હતું. પોલ કન્સલ્ટન્સી કંપની ઇન્ડિયન પોલિટિકસ એકશન કમિટી (આઇપેક)ના સીઇઓ કિશોરે રાહુલ ગાંધી ઉપર સીધો પ્રહાર કરતાં કહ્યું હતું કે તેમણે નરેન્દ્ર મોદીને સત્તામાંથી દૂર કરવાના ભ્રમમાં રહેવું જોઇએ નહીં. મોદી યુગનો અંત લાવવા રાહ જોવી એ રાહુલ ગાંધીની મોટી ભૂલ હશે એમ તેમણે ઉમેર્યું હતુ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ગુરૂવારે ચૂંટણી પ્રચાર માટે ગોવા જઇ રહ્યા છે એવા સમયે જ પ્રશાંત કિશોરે

દામનગર નગરપાલિકા ખાતે કાલે સેવાસેતુ કાર્યક્રમ

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૩૦

દામનગર નગરપાલિકા ખાતે તાલુકા વહીવટી તંત્ર દ્વારા તા.૩૧ ના સેવાસેતુ યોજાશે નાગરિકોની વ્યક્તિલક્ષી રજુઆતોનું સ્થળ સ્થિતિ ત્વરિત ઉકેલ માટે સરકારની સૂચના અનુસાર તાલુકા વહીવટી તંત્ર લાઠી દ્વારા આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં આવક, જાતિ, ક્રીમિલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્ર, રેશન કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, અમૃતમ યોજના, વાત્સલ્ય કાર્ડ નોંધણી કાર્ડ ઇસ્યુ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, દિવ્યાંગ પ્રમાણપત્ર, સ્કોલરશિપ, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય, સીટી સર્વે જન્મમરણ દાખલા, પાણી કનેક્શન, વિકલાંગ ફી

પાસ, કન્યા ફી પાસ, ઝૂંપડપટી વીજ કનેક્શન, ઉજાલા બલ્બ વિતરણ, રોપા વિતરણ, ઉજવલા યોજના, ચરિત્ર પ્રમાણપત્ર, બેંક ખાતા, પ્રધાનમંત્રી જનધન યોજના, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વ્યક્તિલક્ષી સહાય સહિતના કામો માટે તા.૩૧ ને શુક્રવાર ના રોજ સવાર ના ૯ કલાક થી બપોરના ૩ કલાક સુધી સેવાસદન કચેરી નગરપાલિકા દામનગર ખાતે યોજાશે.

ગુજરાતની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં મૃત્યુ પામેલા સ્ટાફના આશ્રિતોને

ચાલુ નોકરીએ મૃત્યુ પામેલાઓને ૧૭ વર્ષ પછી પણ સહાયથી વંચિત

(એજન્સી સમાચાર)

અમદાવાદ , તા.૩૦

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે શિક્ષણ વિભાગને પત્ર લખીને જણાવ્યું છે કે, સરકારના નિયમ મુજબ સરકારી કર્મચારી ચાલુ નોકરીએ મૃત્યુ પામે તો તેમના આશ્રિતને નાણાંકીય સહાય કરવામાં આવે છે. પરંતુ ગ્રાન્ટેડ સ્કૂલના કર્મચારીઓ વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં ચાલુ નોકરીએ ગુજરી ગયા હોય તેમને રોકડ સહાય ચુકવવામા આવી નથી. આ ૧૦ વર્ષની રાજ્યની શાળાઓનો આંકડો ખૂબ મોટો છે. વર્ષ ૨૦૦૪મા ગુજરી ગયેલા આશ્રિતોને ૧૭ વર્ષ પૂરા થયા છે. છતાં હજી સુધી તેમના આશ્રિતોને સહાય મળી નથી. જેથી તાત્કાલિક જિલ્લા કક્ષાએ સહાયની ચૂકવણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, અગાઉ રાજ્યમાં ચાલતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ચાલુ નોકરીએ ગુજરી જાય તેવા કિસ્સાઓમાં અગાઉ તેમના આશ્રિતોને નોકરી મળતી હતી. ત્યાર બાદ રાજ્ય સરકારે તે પ્રથા બંધ કરી હતી. વર્તમાન પ્રથા પ્રમાણે ચાલુ નોકરીએ ગુજરી જનાર કર્મચારીઓના આશ્રિતોને નોકરીની જગ્યાએ રોકડમાં ઉચ્ચક સહાય ચૂકવવામાં આવે છે. રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ચાલુ નોકરીએ મૃત્યુ પામે તો તેમના આશ્રિતોને સરકાર દ્વારા ઉચ્ચ સહાય આપવામાં આવે છે. પરંતુ વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી મૃત્યુ પામેલાઓને હજી સુધી સહાય ચૂકવવામાં આવી નથી. જેથી શાળા સંચાલક મંડળે મૃત્યુ પામેલા કર્મચારીઓના આશ્રિતોને સત્વરે સહાય ચૂકવવા સરકાર સમક્ષ માંગણી કરી છે.

રાજકોટ જિલ્લામાં ખરાબ વાતાવરણથી જીરાના પાકને નુકશાન થવાની ભીતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩૦

રાજકોટ જિલ્લામાં છેલ્લા ૬ દિવસથી ગાઢ ધુમ્મસને કારણે સવારમાં જ ગુલાબી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. રાજકોટમાં આજે વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયું હતું. આથી ૯.૩૦ વાગ્યા સુધી સૂર્યનારાયણના દર્શન પણ દુર્લભ બન્યા હતા. બીજી તરફ વીરપુર, ગોંડલ અને જસદણ પંથકમાં પણ ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટતા હાઇ-વે પર પસાર થતા વાહનચાલકોને પરેશાની ભોગવવી પડી હતી. ગાઢ ધુમ્મસની સૌથી વધારે અસર જીરાના પાકને થઇ રહી છે, આથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. યાત્રાધામ વીરપુરમાં સતત પાંચમા દિવસે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. સવારથી જ ગાઢ ધુમ્મસને કારણે હાઇ-વે ચોમાસાની જેમ ભીના થયા હતા. રોડ-રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને હેડ લાઇટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. વહેલી સવારથી ઝાકળભર્યા વાતાવરણથી યાત્રાધામમાં કાશ્મીર જેવા આહલાદક નજારો જોવા મળ્યો હતો. ખેડૂતોએ વાવેલા શિયાળુ પાક ચણા, ધાણા, જીરા સહિતને નુકસાની ભીતિ સેવાતા જગતનો તાત ચિંતામાં મૂકાયો છે. જસદણ પંથકમાં પણ ગાઢ ધુમ્મસ છવાયું હતું. આટકોટમાં આજે વહેલી સવારથી ૯ વાગ્યા સુધી ગાઢ ધુમ્મસ છવાતા વાહનચાલકોને લાઈટો ચાલું રાખવી પડી હતી. ગઇકાલે જસદણ પંથકમાં વરસાદ પડ્યો હતો અને આજે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. હાલ લોકો ચોમાસુ અને શિયાળાનો અનુભવ કરી રહ્યા છે.

રીમાબેન ઝાલાએ GPSC પાસ કરી, ડી.વાય.એસ.પી. બન્યા

પોતાની સફળતા પાછળ તેમના પિયર તેમજ સસરા પક્ષનો મહત્વનો ફાળો રહ્યો છેઃ રીમાબેન

રીમાબેન ઝાલા કુલદિપસિંહ ડોડીયાના પત્ની છે. સૌ.યુનિ.અંગ્રેજી ભવનમાં પ્રોફેસર જયદીપસિંહ ડોડીયાના પુત્રવધુ છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખાપટ ગામના ખેડૂત ઉદયસિંહ રામભાઈ ઝાલા અને લલીતાબેન ઉદયસિંહની પુત્રી રીમાબેન ઉદયસિંહ ઝાલાએ જી.પી.એસ.સી. દ્વારા તાજેતરમાં લેવાયેલી ક્લાસ-૧ ની લેખિત અને મૌખિક પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉચ્ચ ગુણાંકન સાથે પાસ કરી છે.

મૂળભૂત રીતે સાયન્સ અને ટેક્નોલોજીના તેજસ્વી વિદ્યાર્થીની રીમાબેન ઝાલાના દાદા અને ઉના સુગર ફેક્ટરીના પૂર્વ અધ્યક્ષ તેમજ સહકારી ક્ષેત્રના ગૌરવવંતા અગ્રણી સ્વ. રામભાઈ કાળાભાઈ ઝાલાનું તેમની આ બાળપણથી અભ્યાસમાં તેજસ્વી પૌત્રીને ક્લાસ-૧ અધિકારી બનાવવાનું સ્વપ્ન હતું જે પૌત્રી રીમાબેને ડી.વાય. એસ. પી. તરીકે પ્રથમ પ્રયત્ને પસંદગી પામી સાકાર કર્યું છે.

રીમાબેન ઝાલાના પતિ કુલદીપસિંહ ડોડીયા શહેરના જાણીતા આર્કિટેક્ટ અને અર્બન પ્લાનર છે તેમજ તેમના સસરા પ્રો. ડો. જયદીપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના અંગ્રેજી ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. રીમાબેન ઝાલાએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે પોતાની સફળતા પાછળ તેમના પિયર તેમજ સસરા પક્ષનો મહત્વનો ફાળો રહ્યો છે અને લગ્ન બાદ પણ પોતાનું સંપૂર્ણ ધ્યાન સ્પર્ધાત્મક પરીક્ષા પર કેન્દ્રિત કરી શકે તેની ખાસ કાળજી તેના સાસુ ધીરજબા જયદીપસિંહ ડોડીયા અને નણંદ ડો. ભાર્ગવી જયદીપસિંહ ડોડીયા (એનેસ્થેશિયોલોજિસ્ટ) દ્વારા લેવામાં આવી હતી. નાનપણથી જ તેમને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે તેમના દાદા સ્વ. રામભાઈ ઝાલા, દાદી દેવીમાં ઝાલા, કાકા દીપસિંહભાઈ રામભાઈ ઝાલા, કાકી મંજુ બેન દીપસિંહભાઈ ઝાલા તેમજ સ્વ. રામભાઈ ઝાલા પરિવારના તમામ સભ્યોએ ખાસ કાળજી લીધી હતી અને સ્ત્રી સશક્તિકરણ નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રીમાબેન ઝાલા ડી.વાય. એસ.પી. તરીકે પસંદગી પામતા ખાપટના ઝાલા પરિવાર તેમજ શિલોદરના ડોડીયા પરિવારમાં ખુશીનો માહોલ છવાયેલ છે તેમજ રીમાબેનને સમાજ ના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા છે.

જસદણમાં ખેડૂત સંમેલન યોજાયું

(કરશન બામટા દ્વારા)

જસદણ: રિલાયન્સ ફાઉન્ડેશન જસદણ દ્વારા જસદણ મુકામે ખેડૂત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમનાં જસદણ અને વિંછિયા તાલુકાના ખેડૂતો હાજર રહ્યા હતા.

૧૦ મિનીટમાં ૨૦૦ દાખલા ગણવાની સ્પર્ધા

ભગવતી એકેડમીના ૩૦ બાળકો રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધા માટે સજ્જ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૩૦

ભગવતી એકેડમી રાજકોટના સેન્ટરમાથી સતત બે માસ સુધી પ્રેકટીશ કરીને આગામી માસમા ઓનલાઈન સ્પર્ધામાં ફક્ત ૧૦૪ મિનિટના સમયમાં સરવાળા બાદબાકી, ગુણાકાર, ભાગાકારના ૨૦૦ થી વધારે દાખલા ગણવાની નેશનલ લેવલની કોમ્પિટિશનમાં ૮ થી ૧૨ વર્ષના ૩૦ બાળકો કેલ્કયુલેટર વગર ભાગ લેવા માટે જઈ રહયા છે.

ગુજરાત રાજય લેવલની સ્પર્ધામા રાજકોટના વિર્ધાથીઓએ ગત સાલ ખુબજ સારો દેખાવ કરીને ચેમ્પિયન થઈને હસ્તી ખાંટ (ઉ.વ. ૯), સૌમ્ય દુદાણી (ઉ.વ. ૧૧), શ્રી ટાંક (ઉ.વ .૧૨) ફક્ત ૧૦ મિનિટમા ૨૦૦ દાખલા ગણીને રાજય લેવલે રાજકોટના ભગવતી એકેડમીનું નામ રોશન કર્યું હતું.

ગુજરાત રાજય લેવલે રાજકોટનું નામ રોશન થયુ એજ રીતે ઈન્ડિયા પણ રાજકોટના ભગવતી એકડમી સેન્ટરના વિધાર્થીઓ ચેમ્પિયન બની નામ રોશન કરે એવી શુભેચ્છા ડાયરેકટ ઉમેશ કાનપરાએ પાઠવી છે.

દુબઈને સ્વચ્છ રાખવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે

દુબઈમાં બાલ્કનીમાં કપડા સુકવવા પર દંડ વસુલાશે

(એજન્સી સમાચાર)

દુબઈ,તા.૩૦

પર્યાવરણની જરૂરિયાતો અને ધોરણો વિશે સમુદાયની જાગૃતિ વધારવા માટે દુબઈ મ્યુનિસિપાલિટી યુએઈના તમામ રહેવાસીઓને વિનંતી કરે છે કે તેઓ શહેરના સૌંદર્યલક્ષી અને સંસ્કારી પ્રકૃતિને ખલેલ પહોંચાડવાથી દૂર રહે. દુબઈ નગરપાલિકાએ પોતાના ટ્વિટમાં બાલ્કનીના દુરુપયોગ વિશે માહિતી આપી છે, જેના પર દંડ ફટકારવામાં આવશે. જો કોઈ નગરપાલિકાના નવા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તો તેને ૫૦૦ થી ૧,૫૦૦ દિરહામ ચૂકવવા પડી શકે છે. ભારતીય રૂપિયાના હિસાબે નિયમો તોડનારાઓને ૧૦ હજારથી ૩૦ હજાર રૂપિયા સુધીનો દંડ ભરવો પડશે. વર્ષ ૨૦૧૮માં ખાડી દેશ કુવૈતે પણ પોતાના નાગરિકો માટે આવો જ નિયમ બનાવ્યો હતો. કુવૈતે સ્વચ્છતા અને શિષ્ટાચારને ટાંકીને કડક નિયમો બનાવ્યા છે. નિયમોનો ભંગ કરનારાઓ પર ભારે દંડ પણ વસુલવામાં આવે છે. કેટલાક રહેવાસીઓએ ફરિયાદ કરી હતી કે બાલ્કનીમાં અન્ડરવેર સુકવવુંએ ઉશ્કેરણીજનક, અપમાનજનક અને શરમજનક છે તે પછી દક્ષિણના રાજ્ય બહેરીને ગયા વર્ષે આ પ્રકારનો પ્રતિબંધ લાદ્યો હતો. દુબઈને સ્વચ્છ રાખવા માટે અમુક નિયમો બનાવવામાં આવ્યા છે. દુબઈ નગરપાલિકાએ તેના નાગરિકો માટે એવા નિયમો બનાવ્યા છે કે ભારતના લોકો માટે વિચિત્ર હોઈ શકે છે. દુબઈમાં જો કોઈ વ્યક્તિ તેની બાલ્કનીમાં કપડા સુકવે તો તેને દંડ

ભરવો પડશે. એટલું જ નહીં, જો દુબઈના લોકો તેમની બાલ્કનીમાં ઉભા રહીને સિગારેટ પીતી વખતે તેમની રાખ બાલ્કનીમાંથી ફેંકી દે તો પણ તેમને ભારે દંડ ભરવો પડશે. નગરપાલિકાનું કહેવું છે કે શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે આવા પગલા લેવામાં આવી રહ્યા છે. નગરપાલિકાએ લોકોને વિનંતી કરી છે કે તેઓ તેમના એપાર્ટમેન્ટની બાલ્કનીનો દુરુપયોગ ન કરે. દુબઈ નગરપાલિકાએ તેના સોશિયલ મીડિયા દ્વારા લોકોને એવી વસ્તુઓ ન કરવા સૂચના આપી છે જેનાથી તેમની બાલ્કનીઓ કદરૂપી દેખાય અને સમસ્યા બની જાય.

મનપાની આંગણવાડીઓ ખાતે પોષણ કીટનું વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૩૦

આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ સુસાસન સમાહ કાર્યક્રમ અંતર્ગત ગૂડ ગવર્નન્સ ડેની શહેરની તમામ આંગણવાડી ખાતે ઉજવણી કરવામાં આવેલ છે. કાર્યક્રમ ઊજવણીના ભાગ રૂપે આઇ.સી.ડી.એસ.ના શાખાના પોગ્રામ ઓફીસર, સંકલિત બાળવિકાસ યોજના અધિકારી અને મુખ્યસેવીકા દ્વારા અલગ-અલગ સ્થળની ફિલ્ડ વિઝિટ કરવામાં આવી અને મહાનગરપાલિકાની કુલ ૩૬૪ આંગણવાડીઓ ખાતે રાજકોટ શહેરના મજુર વિસ્તાર, બાંધકામની સાઇટ, ઝુંપડપટ્ટી વિસ્તારની સર્ગભા બહેનોને પોષણ કિટનું વિતરણ કરવામાં આવેલ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

OM CATRERS

Best Food For All Occassion

Call: 98251 51818 / 97144 53898

Web: www.omcaterersrajkot.com

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

ગાંધીનગરના પ્રજાપતિ યુવાન સાથે ૫૦ કારીગરોની અનોખી સેવા

સાળંગપુરના નૂતન ભોજનાલય માટે તૈયાર થતી 'શ્રીરામ' લખેલી ઈંટો

બે મહિનામાં ૧૨ લાખ ઈંટો બનાવીને વિરાટ ભોજનાલયના બાંધકામ માટે અર્પણ કરવાનો ભગીરથ પુરૂષાર્થ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના પરિસરની બાજુમાં ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે નૂતન ભોજનાલય બની રહ્યું છે. વડતાલધામ મેંનેજીંગ ટેમ્પલ બોર્ડ તેમજ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની આજ્ઞા અને શ્રી હરિપ્રકાશ દાસજી સ્વામી- સાળંગપુર ધામની પ્રેરણાથી ૭ વિધામાં બની રહેલાં આ નૂતન ભોજનાલયનું ૨ લાખ ૩૦ હજાર સ્કવેર ફૂટમાં બાંધકામ થશે. જેમાં ૧૨ લાખથી વધુ ઈંટોનો પણ ઉપયોગ થશે. શ્રીરામ લખેલી તમામ ઈંટો ગાંધીનગરમાં રહેતાં ભરતભાઈ પ્રજાપતિ દાદાની સેવારૂપે આપશે. મહત્વનું છે કે, ભરતભાઈએ સેવાનું કહ્યા બાદ મંદિરના કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીએ આર્કિટેક્ટ પાસે એસ્ટિમેટ કઢાવ્યું હતું. જેમાં લાખો ઈંટ વપરાશે તેવું આર્કિટેક્ટે જણાવ્યું ત્યારે સાળંગપુર મંદિરના સંતોનું મન ભરતભાઈને કહેતાં ખચકાયું હતું, પણ ભરતભાઈએ હર્ષભેર તમામ ઈંટોની સેવા તે ખુદ આપશે તેવો નિર્ધાર કર્યો હતો. અત્યારે ભરતભાઈના ભઠ્ઠા પર ૫૦થી વધુ કારીગરો ઈંટો બનાવી રહ્યા છે. આગામી બે મહિનામાં તમામ ઈંટો તૈયાર થઈ જશે.

નૂતન ભોજનાલયની વિશેષતા એ છે કે, આ ભોજનાલય ૭ વીઘામાં ફેલાયેલું છે. ભોજનાલયના બિલ્ડિંગનું બાંધકામ અંદાજે ૨ લાખ ૩૦ હજાર સ્કવેરફૂટનું થશે અને ભોજનાલય કુલ ૨૫૦ કોલમ પર ઊભું હશે. ભોજનાલયનું એલિવેશન ઇન્ડો-રોમન સ્ટાઇલથી ડિઝાઈન કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાંથી સીધા જ ભોજનાલયમાં જઈ શકાશે. આ નૂતન ભોજનાલયમાં શ્રદ્ધાળુઓની વધુ ભીડ ના થાય એટલે ૭૫ ફૂટ પહોળા પગથિયાં બનાવવામાં આવશે. પગથિયાંઓની વચ્ચે વૃદ્ધો અને દિવ્યાંગો માટે બે એસ્કેલેટરની પણ વ્યવસ્થા હશે. ખાસ પ્રકારની કેવિટી વોલ ભોજનાલયનું અંદરનું તાપમાન ઠંડું રાખશે, એટલે કે બહારથી દીવાલો ગરમ થઈ હશે તોપણ અંદરનું તાપમાન નીચું રહેશે.

એકસાથે ચાર હજાર લોકો પ્રસાદ લઈ શકશે. નૂતન ભોજનાલયમાં કુલ ૪ ડાઇનિંગ હોલ છે. જેમાં જનરલ ડાઇનિંગ હોલમાં એકસાથે ૪૦૦૦ લોકો ડાઇનિંગ ટેબલ પર બેસીને જમી શકશે.

હળવદમાં ૪૦ લાખની લૂંટ ખોટી નિકળી

(શિવ મયુર દ્વારા)

આંગડિયા પેઢીના કર્મચારી પર દેણું થઈ જતાં લૂંટનું નાટક કર્યું

હળવદ, તા.૨૩

હળવદ શહેરમાં આવેલ પીએમ આંગડિયાના કર્મચારીએ ૪૦ લાખની લૂંટનું તરકટ કર્યું હતું. કોઈ ગઠીયો કારમાં ઓઈલ લીક થાય છે. તેમ કહી પાછળની સીટમાંથી ૪૦ લાખ લઈને ફરાર થઈ ગયાની ફરીયાદ કરી લૂંટ બનવાનું તરખટ કયું હતું, જેની હળવદ પોલીસ જાણ કરતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

હળવદ આંગડિયા પેઢીના કર્મચારી અમરગીરી હેમંતગીરી ગોસ્વામી (ઉ.૩૪, રહે. વાંકાનેર) (હાલ હળવદ પીએમ આગળીયા વાળા) ને દેવું વધી જતાં તરકટ કર્યું હતું કે મારી કારમાંથી ઓઈલ લીક થાય છે તેમ કહી નજર ચૂકવી ૪૦ લાખ લઈને ગઠીયો છુમંતર થય ગયો છે. ઘટનાના પગલે હળવદ શહેર ઉપરાંત મોરબી જિલ્લામાં નાકાબંધી કરી દેવામાં આવી હતી. મોરબી જિલ્લાના ડીવાયએસપી અતુલ કુમાર બંસલ,એલસીબી પીઆઇ વી.બી.જાડેજા, હળવદ ઇન્ચાર્જ પી આઇ એ.એ.જાડેજા

પી.એસ.આઈ રાજેન્દ્રદાન ટાપરીયા સહિત મોરબી જિલ્લા એલસીબી, એસોજી, સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.શંકાસપદ જણાતા પોલીસે અમરગીરી હેમંતગીરી ગોસ્વામી (આંગણીયાના કર્મચારી) ની આકરી પુછપરછ કરતા ભાંગી પડયો હતો. દેવું વધી જતાં આ તરકટ કરીયાનુ કબુલ્યું હતું. ખુદ ફરિયાદી જ આરોપી નીકળતા પોલીસે અમરગીરી વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવનિયુકત સરપંચોને અભિનંદન પાઠવતા વિજય કોરાટ

રાજકોટ ગ્રામ સરપંચ સંગઠન દ્વારા નવા હોદ્દેદારોને આવકાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ જીલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ નવનિયુક્ત સરપંચઓ તથા સભ્યઓને અભિનંદન પાઠવીને રાજકોટ ગ્રામ્ય સરપંચ સંગઠનના પ્રમુખ વિજયભાઈ કોરાટ જણાવ્યું છે કે, ગામના વિકાસની નેમ સાથે સમાજસેવા માટે આગળ આવ્યા છો. તે બદલ સ્વાગત છે અને આપ સૌના ઉપર આપના ગ્રામજનોએ અતૂટ વિશ્વાસ મૂકી ચૂંટેલા છે. તે બદલ તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરું છું.

લોકશાહીનું પાયાનું એકમ એટલે ગ્રામપંચાયતના હોદેદાર તરીકે નિયુક્ત થયેલા છો ત્યારે આપણે સૌ ગામના સારા કામ કરીએ અને ગામનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરીએ. હારેલા કે જીતેલા તેવું ભૂલી જઈએ, એ તો માત્ર ને માત્ર લોક ચુકાદો મેળવવાની એક કાર્ય પદ્ધતિ છે. તો આવો સૌ સાથે મળીને સંપીને એક થઈને ગામનો વિકાસ થાય તેવા કામો કરીને ગામને દરેક સુવિધા પૂર્ણ બનાવીએ.

સરકારની દરેક યોજનાઓનો લાભ આપણા ગામના છેવાડાના માનવીને મળે તેવા પ્રયત્નો કરીએ.

આપણું ગામ શ્રેષ્ઠ ગામ બને તથા ગ્રામજનોને દરેક સુખ-સગવડ ઉપલબ્ધ થાય. લોકોને સામાજીક-શૈક્ષણિક અને આર્થિક દરજ્જો ઉંચો આવે તથા ગ્રામજનોનું જીવન ધોરણ ઉંચુ લાવવાનો સદૈવ પ્રયત્નશીલ રહીએ તેવી અપીલ ગ્રામ સરપંચ સંગઠન-રાજકોટના પ્રમુખ વિજયભાઈ કોરાટ દ્વારા કરવામાં આવી છે.

રાજકોટ શહેરને કેરોસીન મુકત કરવાના સરકારના નિર્ણયને કાર્ડ ધારકો સહયોગ આપે

ધારાસભ્ય ગાવિંદભાઈ પટેલની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેરને કેરોસીન મુકત કરવાના રાજય સરકારના નિર્ણયને કાર્ડ ધારકો સહયોગ આપે તેમ વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલએ અપીલ કરી છે.

વધુમાં જણાવ્યું છે કે, પટેલે નિવેદનમાં જણાવ્યું છે કે રાજ્ય સરકારે અંત્યોદય તથા બી.પી.એલ રેશનકાર્ડ ધારકો કે જેઓ રેશનકાર્ડ ઉપર કેરોસીન મેળવે છે તે કાર્ડ ધારકોને સરકાર મારફતે ગેસ કનેક્શનની સાથે ગેસનો ચૂલો, ગેસ પાઈપ, રેગ્યુલેર્ટર, ભરેલું ગેસ સીલીન્ડર અને ગ્રાહકની બુક મફતમાં આપવામાં આવે છે તેનો કાર્ડ ધારકો લાભ મેળવે. તેમજ જે લોકો ગેસની લાઈન મારફતે કનેક્શન મેળવવામાં બાકી રહી ગયેલ હોય તેવા નગરજનો પણ ગુજરાત ગેસમાં અરજી ફોર્મ ભરીને ગેસની લાઈન મારફતે કનેક્શન મેળવી લે જેના કારણે કોઈ પરિવારે પોતાનો ચૂલો સળગાવવામાં તકલીફ ન રહે હાલમાં સરકારની સુચના મુજબ ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના મહિલા વ્યક્તિ હોય અને તેઓ અંત્યોદય કાર્ડ અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય તેવા લોકો નજીકની ગેસ એજન્સીનો કાર્ડ સાથે સંપર્ક કરે તેમ એક યાદીમાં જણાવેલ છે.(૧.૧૬)

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.પ્રેમજી પોપટભાઈ પરમાર (ગામ મેટીયા હાલ રાજકોટ) રસીકભાઈ, અશ્વિનભાઈ, નિમેશભાઈના પિતા તથા નરેન્દ્ર, અરૂણ, રવિ, ચિરાગ અને શૈલેષના દાદાનું તા.૨૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૪ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાકે નિવાસસ્થાન કુળદેવી કૃપા, ૮-શ્રીનાથજી સોસાયટી ખાતે રાખેલ છે.

ધોરાજીમાં દાઉદી વ્હોરા અગ્રણી ફખરૂદીનભાઈ પવનની વફાતઃ શુક્રવારે જિયારત

ધોરાજી: દાઉદી વ્હોરા ફખરૂદીનભાઈ કાસમઅલીભાઈ પવન (ઉ.વ.૭૭) તે મરીયમબેનના પતિ મ.નુરૂદ્દીનભાઈ,મ.હુસૈનભાઈ, તાહેરભાઈ, ઝૈતુનબેન, બિલકિસબેનના ભાઈ અલફિયાબેન, રશીદાબેનના પિતા તા.૨૨ ને બુધવારના રોજ ધોરાજી મુકામે વફાત પામેલ છે. મર્હુમની જિયારત (કુરાનખ્વાની) તા.૨૪ શુક્રવારના રોજ બપોરે ૧:૧૫ કલાકે સૈફી મસ્જિદ ધોરાજી ખાતે રાખવામાં આવેલ છે. શોક સંદેશો પાઠવવા સૈફીભાઈ મો.૯૮૨૫૯૭૭૯૫૧ ઉપર સંપર્ક કરવો.

યંગ ઈન્ડિયન્સ દ્વારા વાર્ષિક દિનની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

સામાજિક ક્ષેત્ર વિવિધ પ્રવૃતિ કરતી યંગ ઈન્ડિયન્સ રાજકોટ ચેપ્ટર દ્વારા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

યુવાનોને પ્રોત્સાહન આપવા માટે સિદ્ધાર્થ ફૂલવાલ (રાષ્ટ્રીય પ્રતિનિધિ અને ડિરેક્ટર, કંચરત્ન પેકેજિંગ પ્રાઇવેટ લિમિટેડ) તથા વિશાલ હોલાની (સીઆઇઆઇ વેસ્ટર્ન ગુજરાત ઝોનના વાઇસ ચેરમેન અને ડિરેક્ટર બેરિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ) એ વક્તવ્ય આપ્યું હતું.

આ તકે રાહુલ ડાંગર (ડિરેક્ટર, ધ વેસ્ટવુડ સ્કૂલ) ને ચેર રાજકોટ અને વિસાલ માણેક (પાર્ટનર, આર્વી એસોસિએટસ) ને કો-ચેર રાજકોટ તરીકે વર્ષ ૨૦૨૨ માટે વરણી કરાયેલ હતી.

ઉપલેટામાં ચેક રીટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા

રૂ.૯.૬૮ લાખ વળતર પેંટે ચૂકવવા પણ કોર્ટનો આદેશ

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા, તા.૨૩

ઉપલેટા કોર્ટમાં ચેક રીટર્નના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂા.૯,૬૮,૭૫૦ ફરીયાદીને વળતર પેટે ચુકવવા આદેશ ઉપલેટાના કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. જો આરોપી ચેકની રકમ ચુકવે નહી તો તેમને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો પણ આ સાથે હુકમ કરવામાં આવેલ છે.

ઉપલેટાના યુવા એડવોકેટ જે.ડી. ચંદ્રવાડીયાએ કેસની હકીકત જણાવેલ છે કે ઉપલેટામાં આવેલ રજવાડી સેલ્સ એજન્સીએ રાજકોટના નીખીલ વૃજલાલ રાબડીયાને ૩૮૭૫ કીલો સોપારી વેચાણ આપેલ હતી ત્યારે સોપારીની રકમ ચુકવવા માટે નીખીલ વૃજલાલ રાબડીયાએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા રાજકોટનો ચેક લખી આપેલ હોય જે ચેક ફરીયાદીએ વટાવવા માટે રજુ કરતા પરત ફર્યો હતો. આ બાબતની જાણ થતાં ફરીયાદીએ ઉપલેટા ના એડવોકેટ જે.ડી. ચંદ્રવાડીયા મારફત ઉપલેટાની કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કર્યો હતો.

ઉપલેટા મહે.જ્યું.મેજી.સાહેબ એસ.એસ. અજમેરીની કોર્ટમાં ફો.કેસ.નં.૪૪૨/૨૦૨૧ થી ચાલી જતા માત્ર ચાર માસના ટુંકા સમય ગાળામાં કેસ ચલાવી તથા ફરીયાદીના એડવોકેટ જે.ડી. ચંદ્રવાડીયાએ ફરીયાદના સમર્થનમાં રજુ રાખેલ પુરાવા તથા સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓને નામદાર કોર્ટે માન્ય રાખી અને આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૯,૬૮,૭૫૦ નું વળતર ચુકવવા હુકમ કરેલ છે આ સાથે જ જો આરોપી ચેકની રકમ ચુકવે નહી તો તેમને વધારાની ત્રણ માસની સજાનો પણ ન્યાયીક હુકમ ઉપલેટા કોર્ટ દ્વારા ફરમાવેલ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

લુધિયાણાની કોર્ટમાં વિસ્ફોટ થતા બે નાં મોત

તેને છોડવામાં નહીં આવે. રાષ્ટ્ર વિરોધી તત્વોએ આ કૃત્ય આચર્યું છે. પંજાબનાં પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંઘે ઊંડી તપાસનો અનુરોધ કર્યો છે અને ઈજાગ્રસ્તો જલ્દી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી છે. તેમણે જાનહાની અંગે ઘેરું દુઃખ વ્યક્ત કર્યું હતું. હજુ થોડા દિવસ પહેલા જ મુખ્યમંત્રી ચન્નીએ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ તરફથી ભય હોવાથી કેન્દ્ર પાસે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળની વધારાની ૨૫ કંપનીઓની મદદ માંગી હતી અને બીએસએફ માટે એન્ટીડ્રોન યંત્રની પણ માંગણી કરી હતી.એનઆઈએ અને એનએસજીની ટીમો પણ લુધિયાણા ધસી ગઈ છે. ચંદીગઢથી આ ટીમો ધડાકા સ્થળે પહોંચી ગઈ છે. પોલીસે અત્યારે આખા વિસ્તારને કોર્ડન કરી લીધો છે. મૃત્યુ પામેલા બે માંથી એક માનવ બોમ્બ હોવાની સંભાવના છે.(૨.૧૨)

પ્રજાની વેદનાને વાચા આપવા કોંગ્રેસની અનોખી મોક ધારાસભા

જો ગુજરાતમાં રહેવું હોય તો શાંતિથી બેસો કશું બોલવાની જરૂર નથી. આ રીતે મોક ધારાસભાની સમગ્ર કાર્યવાહી કરીને કોંગ્રેસે હળવી શૈલીમાં પ્રજાનાં ગંભીર પ્રશ્નોને વાચા આપવાનો અને સરકારની જવાબ આપવાની આનાકાનીની રમત ઉઘાડી પાડવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી પેપરલીક સહિતનાં મુદ્દાઓ પર ગુજરાત કોંગ્રેસ આક્રમક મિજાજ બતાવી રહી છે. ગઈકાલે પણ પેપરલીક કાંડનાં મુદ્દા પર રાજ્યમાં ઠેર-ઠેર બાઈક રેલી કાઢવામાં આવી હતી અને ગૌણ સેવા પસંદગી મંડળનાં ચેરમેન અસિત વોરાનાં રાજીનામાંની જોરદાર માંગણી કરવામાં આવી હતી. કોંગ્રેસે ઠેર-ઠેર ધરણા કાર્યક્રમોનું પણ આયોજન કર્યું હતું. ધરણાનાં તમામ કાર્યક્રમોમાં પોલીસ કાર્યક્રમનાં પ્રારંભે જ પહોંચી ગઈ હતી અને કોંગ્રેસનાં કાર્યકરોને ધરણા સ્થળેથી ઉઠવા માટે મજબુર કરી દીધા હતા. અનેક આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી અને ધરણા વિખેરી નાખવામાં આવ્યા હતા. આ રીતે કોંગ્રેસ રસ્તા ઉપર આવીને લોક સમસ્યાઓને વાચા આપવાના શક્ય તમામ પ્રયાસો કરી રહી છે. એ હેતુ સાથે જ આજે ગાંધીનગરમાં મોક એસેમ્બલીનો રસપ્રદ વિરોધ કાર્યક્રમ યોજાયો હતો.(૨.૧૨)

બાળકોને કોરોના રસી મુકવા વિદેશ ધસી રહેલા ગુજરાતી પરિવારો

સુરતનાં જાણીતા હિરા વેપારી અભિષેક પટેલ તો એમના પુત્ર રુદાન માટે રસી લેવા ઇઝરાયેલ પહોંચી ગયા હતા. ૬ વર્ષનાં બાળકને લઈને અભિષેક અને એમના પત્ની શિવાની તેલઅવિવ પહોંચ્યા હતા અને રસી મુકાવી હતી. આ પ્રવાસ માટે એમણે અઢી લાખ ખર્ચી નાખ્યા હતા. હવે ૭ મહિના પછી બુસ્ટર ડોઝ માટે દંપતી ફરી ઇઝરાયેલ જશે. તેમણે કહ્યું હતું કે હવે અમારો પુત્ર શાળાએ જઈ શકશે. એટલે જે ખર્ચ કર્યો તે લેખે લાગશે.

કેટલાક પરિવારો સંતાનોને રસી મુકાવવા દુબઈ પણ પહોંચી ગયા છે. તેઓ ખાસ વેક્સિન વેકેશન માટે દુબઈ પહોંચ્યા છે અને બાળકોને રસી મુકાવી રહ્યા છે. ગુજરાતમાં શાળાઓ શરૂ થયા બાદ કોરોનાનાં કેસો શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં જોવા મળી રહ્યા છે. આથી અવ ખમતીધર પરિવારો સંતાનોનાં હિત અને સુરક્ષા ખાતર અલગ-અલગ દેશોમાં જઈને જ્યાં સગવડ છે ત્યાં એમના સંતાનોને રસી મુકાવી રહ્યા છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

સ્માર્ટ શહેરની સ્માર્ટ મનપાનાં ખિસ્સા ખાલી

અધિકારીઓએ મનપાનાં ખાલી ખિસ્સાની વાત કરી હતી અને કહ્યું હતું કે, જો કર્મચારીઓનાં પગાર ચૂકવવા હોય તો જમીનો વેચીને નાણાં ઉભા કરવા જ પડશે. બજેટ પૂર્વે પરંપરા મુજબ સમીક્ષા બેઠકો યોજાતી હોય છે અને તેમાં આવક અને જાવકનાં તારણ નીકળતા હોય છે. કેટલી સિલક વધે છે અને કેટલી આગામી વર્ષમાં ખેંચાઈ છે તેનો અંદાજ મેળવવામાં આવે છે. પરંતુ અત્યાર સુધી યોજાયેલી ૮ જેટલી સમીક્ષા બેઠકોમાં મનપાની નાદાર જેવી હાલતનું ચિત્ર ઉપસી આવતા ખળભળાટ મચી ગયો છે. મનપાનાં સતાવાર સુત્રોનાં જણાવ્યા મુજબ ૨૦૨૧-૨૨ નું બજેટનું કદ રૂ. ૨૨૯૧ કરોડ જેટલું રહે તેવો અંદાજ છે. જે વર્ષ પૂરું થવાના અંતે એટલે કે, માર્ચ ૨૦૨૨ સુધીમાં માંડ ૧૨૦૦ કરોડ સુધી પહોંચશે. આ રીતે મનપાનું બજેટ અસ્ત-વ્યસ્ત થઇ ગયું છે. જેની સીધી અસર શહેરમાં ચાલી રહેલા વિકાસ કામો પર થઇ રહી છે. કોન્ટ્રાકટરોનાં ચૂકવણા થઇ શક્યા નથી અને અનેક નિર્માણાધીન કામોમાં વિધ્નો ઉભા થયા છે કાં તો બંધ કરવા પડ્યા છે અગર તો ધીમા ચાલી રહ્યા છે. આવી ખરાબ દશામાં મનપા મુકાઇ ગઈ છે. કહેવાય છે કે, મનપા દ્વારા નિર્માણાધીન જુદી-જુદી આવાસ યોજનાઓનાં કોન્ટ્રાકટરોને ૩૫ કરોડ જેટલુ ચુકવણું કરવાનું હજુ બાકી છે. એટલે આવાસ યોજનાનાં કામ પણ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યા છે. નાણાંકીય ખેંચની હાલત એવી થઇ ગઈ છે કે, જમીનો વેચીને તાત્કાલિક ધોરણે રૂ. ૩૦૦ કરોડ જેટલી આવક ઉભી નહીં કરાય તો જાન્યુઆરી પછી કર્મચારીઓનો પગાર ચુકવવામાં પણ ધોળે દિવસે તારા દેખાઈ જશે અને પગાર પણ કરી નહીં શકાય. એટલે જ સમીક્ષા બેઠકમાં હાજર અધિકારીઓએ જમીનો વેચવા કાઢવા ભલામણ કરી છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

રાધનપુર-સામખીયાળી હાઈ-વે શું ટોલ ઉઘરાવવાને લાયક ખરો?

ઠેકઠેકાણે બેફામપણે અને કોઈ ગણતરી વિના સ્પીડબ્રેકર ઉભા કરી દેવાયા છે પણ એકય સ્પીડબ્રેકર પર કલરનાં પટ્ટા કરવામાં આવ્યા નથી. જેના કારણે રાત્રે તો ઠીક દિવસે પણ સ્પીડબ્રેકર નજરે ચડતા નથી અને તંત્રનાં પાપે એ કારણે પણ અકસ્માતો સર્જાય જતા હોય છે. ડિવાઈડરમાં ધૂળ અને કચરો જ ભરેલા હોય છે. તેની પણ સાફસૂફી કરવામાં આવતી નથી. રાષ્ટ્રીય હોય કે રાજકીય ધોરીમાર્ગ તેમાં વચ્ચે ડિવાઈડર પર લીલાછમ વૃક્ષો ઉગાડવાનું ફરજીયાત હોય છે. આ નિયમનાં પણ અહીં ધજાગરા ઉડાવી દેવામાં આવ્યા છે. કેમકે અહીં ડિવાઈડર પર વાવવામાં આવેલા વૃક્ષો સારસંભાળને અભાવે મુરજાઇ ગયા છે. નિયમિત પાણી પાવવામાં ન હોવાથી અહીં વાવવામાં આવેલા જાતજાતનાં વૃક્ષો અને પુષ્પોની કલમો અકાળે મૃત્યુને ભેટ્યા છે. કચરો, સુકાયેલા પાંદડા, ધૂળની કાંકરીઓ પવનથી ઉડી-ઉડીને ખરાબ રસ્તાને વધુ કદરૂપો બનાવી રહ્યા છે. છતાં કોઈપણ જાતની સાફસફાઈ, મરામત કે મેઈન્ટેનન્સ કરવામાં આવતા નથી. આખા હાઈ-વે પર એક નહીં ત્રણ-ત્રણ ટોલનાકા ખડકી દેવામાં આવ્યા છે. કેમકે આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ હોવાથી ગુજરાત, કચ્છનાં લોકોની છેક દિલ્હી અને ઉત્તરભારત સુધી અવરજવર રહે છે. રોજ હજારો વાહનો કોમર્શીયલ અને પ્રાઈવેટ અહિયાંથી પસાર થાય છે. એટલે ટોલનાકાઓની તિજોરીઓ સતત છલકાતી રહે છે અને ફાટ-ફાટ થતી રહે છે. પણ આમાંથી એકપણ રૂપિયો રસ્તાની સુધારણા માટે વાપરવામાં આવતો નથી. એવી લોકોની ગંભીર ફરિયાદ છે. બિસ્માર રસ્તાને કારણે અકસ્માતો થવા એ સામાન્ય છે. ફોર વ્હીલર વાહન એ ગમે તેટલું ઉચ્ચ ગુણવત્તાનું કે સારી કંપનીનું હોય તો પણ આ રસ્તા પર તેની હવા નીકળી જાય છે. કેમકે મહાકાય ખાડાઓને કારણે એવું બનતું હોય છે કે, ઘણી વખત વાહનોમાં ભાંગતૂટ થઇ જાય છે. રેડીયેટર તૂટી પડતા હોય છે. ટાયરમાં પંચર થઇ જવા તો સામાન્ય છે. એ કારણે અહીં ગેરેજવાળાઓનો ધંધો એટલો પુરબહાર ચાલે છે કે, એક નહીં ત્રણ-ત્રણ ગેરેજ અહિયાં ઉભા થઇ ગયા છે અને એમનો ધંધો રાત-દિવસ ધમધોકાર ચાલે છે. ખરાબ સ્પીડબ્રેકર અને ખાડાને કારણે ઘણીવખત કારની ચેમ્બર પણ તૂટી પડે છે અને ભારે નુકશાન સહન કરવું પડે છે. અમે ગેરેજવાળાઓને મળ્યા તો મુછમાં મલકાઈને કહેતા સંભળાયા હતા કે, આ હાઈ-વે અત્યંત ખરાબ દશામાં છે એટલે જ અમારા ધંધા પુરપાટ દોડી રહ્યા છે. અમારા સરકારને પુરા આશિર્વાદ મળશે. કેમકે વાહનોની ગતિ થંભી ગઈ છે પણ અમારા ગેરેજનો ધંધો પુરબહારમાં આગળ દોડી રહ્યો છે. ગેરેજવાળાનાં વિધાનો પરથી પણ સમજી શકાય છે કે, રાજ્યનાં આ મહત્વનાં હાઈ-વે ને ચિંથરેહાલ બનાવી દેવાયા છે. પણ હાઈ-વે ઓથોરીટીને નાણા ઉઘરાવવા સિવાય બીજી કોઈ વાતમાં રસ પડતો નથી. ટોલનાકાઓ પર જનસુવિધાનાં નામે મીંડું જોવા મળ્યું છે. કેમકે આ તો લાંબો અને મહત્વનો હાઈ-વે હોય તો ટોલનાકા પર જનસુવિધાઓ પણ રાખવી પડે છે. જેનો અહીં ત્રણેય ત્રણ ટોલનાકા પર સ્પષ્ટ અભાવ જોવા મળ્યો છે. ઘણીવખત કાર કે અન્ય ભારેખમ મોટા વાહનો લઈને પરિવાર સાથે નીકળતા લોકોને અસહ્ય પરેશાનીમાં મુકાઇ જવાતું હોય છે. પીવાના પાણીની પણ વ્યવસ્થા હોતી નથી. નિષ્ઠુર અને બેદરકાર તંત્ર પાસેથી આપણે બીજી કઈ અપેક્ષા રાખી શકીએ. સરવાળે રાધનપુર- સામખીયાળી હાઈ-વે પરથી એકવાર પસાર થનાર વ્યક્તિ એટલો બધો પરેશાન અને પીડિત થઇ જાય છે કે, ફરી આ હાઈ-વે પરથી કદી નહીં પસાર થવાના સોગંધ ખાઈ લે છે. હાઈ-વે ઓથોરીટીનાં ઉચ્ચ સતાવાડાઓ અને જવાબદાર તંત્ર વાહકો એકવાર વાહન લઈને આ રોડ પરથી નીકળે તો એમની આંખે પણ અંધારા આવી જશે અને જો મનમાં અને હૃદયમાં રામ વસે તો કદાચ હાઈ-વે ની વિકૃત થઇ ગયેલી આકૃતિ સુધારવા અને સમારવાની કામગીરી શરૂ થઇ જશે. કહેવાય છે કે, આશા અમર છે અને ભારતની ભોળી જનતા આશાનો પાલવ કદી છોડતી નથી.લાગે છે કે, કોઈ નિર્દોષોની જાનહાની થાય એ પછી જ તંત્રને સમારકામ કરવાની બુધ્ધિ આવશે. લોકોમાં માંગણી થઇ રહી છે કે, જીવલેણ અકસ્માત સર્જાય તે પહેલા ટોલનાકાની તિજોરીમાંથી માથું ઉંચું કરીને તંત્રવાહકો રસ્તા પર નજર દોડાવે અને હાઈ-વે ને ચકચકીત કરવાની ફરજ બજાવવા તરફ ધ્યાન આપે.(૨.૧૨)

હરિધામ-સોખડાના વડીલ સંતવર્ય શાસ્ત્રી કૃષ્ણચરણદાસજીનો અક્ષરવાસ

વર્ષની વયે ગઢડા ખાતે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી અને સંતજીવનમાં રહીને અંતિમ શ્વાસ સુધી સતત છ દાયકા સુધી અધ્યાત્મિક અને સામાજિક સેવામાં રત રહ્યા હતા. પૂર્વાશ્રમમાં સૌરાષ્ટ્રના માણાવદરના ભક્તરાજ પુંજાભાઈ અને ગંગાબા આરદેસણાના પુત્ર એવા જયંતિભાઈનો જન્મ ૧૩ સપ્ટેમ્બર ૧૯૪૦ના રોજ થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ કરનાર જયંતિભાઈને ગુરુહરિ યોગીજી મહારાજે ૨૫ માર્ચ ૧૯૬૧, રામનવમીએ ગોંડલમાં પાર્ષદ દીક્ષા અને ૧૧ મે ૧૯૬૧ના રોજ ગઢડામાં એકાવન યોગેશ્વરોની સાથે ભાગવતી દીક્ષા આપી હતી. સંતદીક્ષા આપ્યા બાદ તેમને સાધુ કૃષ્ણચરણદાસ નામ આપવામાં આવ્યું હતું. એ પછી ગુરૂહરિ યોગીજી મહારાજની આજ્ઞાથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો અને નશાસ્ત્રીથની પદવી મેળવી. ત્યારથી તેઓ નશાસ્ત્રી સ્વામીથના નામે ઓળખાતા હતા. તેઓશ્રીએ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના અંગત સેવક તરીકે રહીને તેમનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. હરિધામ-સોખડાના હરિઘાટમાં અક્ષરનિવાસી શાસ્ત્રી સ્વામીજીની સંપ્રદાયની પરંપરા પ્રમાણે અંત્યેષ્ટિ કરવામાં આવી હતી. આ પ્રસંગે અનુપમ મિશનના અધ્યક્ષ સંતભગવંત પરમ પૂજ્ય જસભાઈ સાહેબ, દિલ્હીના પરમ પૂજ્ય મુકુન્દજીવન સ્વામીજી, પરમ પૂજ્ય નિર્મળ સ્વામી, પવઈ મંદિરના પૂજ્ય ભરતભાઈ, પૂજ્ય હેમંતભાઈ વશી, ગુણાતીત જ્યોત વિદ્યાનગરના વડીલો, સાંકરદા સંતમંડળ ઉપરાંત હરિધામના વડીલ સંતો પૂજ્ય યજ્ઞવલ્લભ સ્વામી, પૂજ્ય સંતવલ્લભ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભસ્વામી, પૂ. પ્રબોધ સ્વામી, પૂજ્ય હરિપ્રકાશ સ્વામી, પૂજ્ય ભક્તિવલ્લભ સ્વામી વગેરે સંતો, આત્મીય સમાજના વિવિધ પ્રદેશોના કાર્યકર્તાઓ સહીત સેંકડો હરિભક્તોએ ખાસ ઉપસ્થિત રહીને સજળનેત્રે ભાવાંજલિ અર્પણ કરી હતી. આ સમયે યોજાયેલી ગુણાનુવાદ સભામાં પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ. જસભાઈ સાહેબ સહિતના સહુએ અક્ષરનિવાસી શાસ્ત્રી સ્વામીજી સાથેનાં સંસ્મરણો તાજાં કરીને ગુણાનુવાદ કર્યા હતાં. પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી કૃષ્ણચરણદાસજીના અક્ષરવાસથી વિશ્વભરના સત્સંગ સમુદાયમાં ગમગીની વ્યાપી ગઈ હતી. યોગી ડિવાઈન સોસાયટીનાં દેશ-વિદેશ સ્થિત તમામ કેન્દ્રોમાં અખંડધૂન યોજીને ભક્તોએ શ્રદ્ધાંજલિ - પ્રાર્થના કરી હતી.

કર્મચારીઓને માનસીક ટોર્ચર કરવા યોગ્ય નથી,જવાબદારો સામે કડક પગલા લેવાશેઃ ભૂપત બોદર

ફેંકતા હોય તેવુ વર્તન થઇ રહ્યું છે અને જે જગ જાહેર છે. જી.પંચાયના જાણકાર સુત્રો એવુ પણ જણાવે છે કે તે જાણીને નવાઇ જ લાગે છે કે ન હોય આવુ પણ બન્યું હશે?? એવો પ્રશ્ન પણ થાય છે. પણ હકીકતનો સ્વીકારવી જ પડે છે પણ મેડમસરને સત્ય સ્વીકારવામાં પણ જાણે પાપ લાગતું હોય એવુ વર્તન કરી રહ્યા છે.આઇસીડીએસના મહીલા કર્મચારીએ રાજીનામું આપ્યુ હતુ ને ફાડી પણ દેવામાં આવ્યું હતુ તે વાત આઇસીડીએસના મેડમસર સિવાય આખીય જીલ્લા પંચાયત જાણે જ છે ઉપરાંત કચેરી અધિક્ષક જ્યારે એમ્બ્યુલન્સમાં લીવ લેવા આવ્યા ત્યારે તે દ્રશ્ય જોઇને લોકોના ટોળા પણ થઇ ગયા હતા અને લોકોએ પુછયું પણ હતું કે આવી પરિસ્થીતીમાં અહીંયા ધક્કો થોડો ખવાય પણ તેને જણાવ્યું કે મેડમસર ન માન્યા એટલે ધક્કો ખાવો પડયો આ વાત યોગ્ય નથી અને આગામી મેડમ વિરૂધ્ધ ડિડીઓને પણ રજુઆત કરશે પણ પછી આ વાત મેડમસરની બીકથી આગળ વધી નહી અને મેડમની સામે પણ બોલી શકાઇ નહીં. હાલમાં કર્મચારીઓ જીલ્લા પંચાયના પ્રમુખ પાસે પોતાને ન્યાય મળશે તેવી આશા રાખીને બેઠા છે પણ જો ઉચ્ચ અધીકારીઓ આ વાત ને ધ્યાનમાં નહીં લે તો અનેક લોકોનની આશા અમર જ રહી જશે. બીજી વાત એ પણ ચર્ચાઇ રહી છે કે મેડમનો એવો કેવો ત્રાસ હશે કે કર્મચારીઓ પોતાની રોજીરોટી છોડવા તૈયાર થઇ જતા હશે.ધીમે ધીમે અલગ અલગ મેડમસરની વાતો બહાર આવવા લાગતા મામલો ગંભીર બનતો જાય છે અને ઉચ્ચ લેવલે પણ નોંધ લેવાઇ છે.જેથી આગામી દિવસોમાં ડીડીઓ અને જીલ્લા પંચાયના પ્રમુખ દ્વારા રૂબરૂ મેડમસરને બોલાવીને કડક સુચના આપવામાં આવશે કે પછી કોઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તે આવનાર દિવસોમાં જોવાનું રહ્યું.(૪.૧)

જયપ્રકાશનગરમાં ટોળકીનો આતંકઃ ૪ ઘવાયા, હત્યાનો પ્રયાસ

ધોકા, પાઇપ, ઇંટ, સોડા બાટલીના ઘાઃ બે વાહનમાં પણ તોડફોડઃ બી–ડિવીઝન પોલીસે શોધખોળ આદરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૦

ભગવતીપરાના જયપ્રકાશ નગરમાં રહેતાં પાનના ધંધાર્થી પઠાણ મુસ્લિમ યુવાન પર રામનાથપરામાં રહેતાં અને અગાઉ હત્યામાં સંડોવાઇ ચુકેલા તેના જ મિત્ર મુસ્લિમ શખ્સ તથા પોપટપરાના શખ્સો સહિતની ટોળકીએ ઘુસી જઇ ધોકા, પાઇપથી હુમલો કરી તેમજ ઘર બહાર રાખેલા બે વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવતાં પોલીસે રાયોટીંગ, હત્યાની કોશિશનો ગુનો નોંધ્યો છે. રામનાથપરાના મિત્રને પાનના ધંધાર્થી પઠાણ યુવાને હત્યાના ગુનામાં જામીન પર છુટવા માટે ૧,૪૦,૦૦૦ની મદદ કરી હોઇ તેની ઉઘરાણી કરતાં આ રકમ આપવાને બદલે તેણે પોપટપરાના શખ્સને કહેતાં એ શખ્સે સામા ૭૬ હજારની ઉઘરાણી કરી ડખ્ખો કરી ઘરમાં ઘુસી આતંક મચાવ્યો હતો. પોલીસે આ બનાવમાં ભગવતીપરા જયપ્રકાશ નગર-૧૬માં રહેતાં અને ઘર નજીક બદ્રી પાર્ક પાસે ન્યુ બરેલી પાન નામે દૂકાન ધરાવતાં રફિક અહેમદભાઇ પઠાણ (ઉ.૪૦)ની ફરિયાદ પરથી તેના જ મિત્ર રામનાથપરામાં રહેતાં ઇમરાન ઉર્ફ ગઢવી, પોપટપરામાં રહેતાં કાસમ ઉર્ફ કડી અને અહેમદ જૂણાચ તથા પાંચ અજાણ્યા શખ્સો સામે આઇપીસી ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૫૨, ૪૨૭, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૩૫ મુજબ મંડળી રચી, ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘર બહાર રાખેલી રિક્ષા-બાઇકમાં તોડફોડ કરી તેમજ ઇંટ બોટલોના છુટા ઘા કરી તેમજ પાઇપથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવાનો ગુનો નોંધ્યો છે. આ હુમલામાં રફિક તેમજ તેના માતા અને બે મિત્રોને ઇજા થઇ હતી. પીઆઇ એમ. બી. ઔસુરાની રાહબરીમાં હેડકોન્સ. અશ્વિનભાઇ રાઠોડ ફરિયાદ લીધી હતી. પીઆઇ અને ડી. સ્ટાફની ટીમે આરોપી ઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

તા.૩ જાન્યુઆરીથી તા.૨૯ દરમિયાન

ફ્રિ નિદાન તેમજ રાહતદરે ઓપરેશન કેમ્પનું આયોજન

આયુષ્માન હોસ્પિટલના ૩જા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે કરાયું આયોજન

(તસવીરઃ પંકજ ડાભી)

આયુષ્માન મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલના ત્રીજા વર્ષના મંગલ પ્રવેશ નિમિતે સર્વ રોગ નિદાન કેમ્પની પત્રકાર પરિષદમાં માહિતી આપતા ડો.પ્રવિણ કાનાણી, ડો.જયેશ વાગડીયા, ડો.પ્રકાશ માદાણી, ડો.ધવલ સુરાણી, ડો.બંસી મણવર, ડો.મેઘા મણવર, ડો.ધવલ અજમેરા, ડો.મોહિત વસોયા તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૩૦

આયુષ્માન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના ત્રીજા વર્ષના મંગલ પ્રવેશ નિમિતે જાન્યુઆરીમાં વિવિધ વિભાગના ડોકટરો દ્વારા ફ્રિ નિદાન તેમજ રાહત દરે ઓપરેશન, લેબોરેટરી, મેડીકલ, એક્સ-રે સેવાનો લાભ દર્દીઓને પ્રાપ્ત થશે.

આગામી તા.૩થી તા.૮ જાન્યુ. દરમ્યાન લેપોસ્કોપીસર્જન, જનરલ સર્જન અને સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા ફ્રિ નિદાન તેમજ રાહતદરે ઓપરેશન કરાશે. તા.૧૦થી ૧૫ દરમ્યાન ટી.બી.ચેસ્ટ, બાળરોગ, નિષ્ણાંત અને વાળરોગના નિષ્ણાંત દ્વારા ફ્રિ નિદાન તેમજ રાહતદરે હેર ટ્રાન્સપ્લાન્ટ, તા.૧૭થી તા.૨૨ દરમ્યાન ગંભીરરોગના નિષ્ણાંત દ્વારા રાહતદરે 2D-ECHO, બી.પી. ડાયાબીટીસ, થાઈરોઈડના દર્દીઓ માટે ફ્રી નિદાન અને હાડકા તથા સાંધાના રોગના નિષ્ણાંત દ્વારા ફ્રી નિદાન તેમજ રાહતદરે ઓપરેશન કરવામાં આવશે.

આયુષ્માન મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પમાં લોકોને લાભ લેવા જણાવ્યું છે.

કોરોનાકાળમાં શારીરિક, માનસિક, આધ્યાત્મિક સ્વાસ્થ્ય આવશ્યક

ઈમ્યુનિટી વધારવાનો સચોટ ઉપાય એટલે ગૌ આધારિત કૃષિ

ખેડૂતો ગૌમૂત્ર–છાણમાંથી ખાતર–દવા બનાવીને પાકમાં ઉપયોગ કરે તે માટે રાષ્ટ્રીય અભિયાન શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

આજકાલ કોરોના કાળમાં હરકોઈ માણસના મોઢે ઇમ્યુનિટી શબ્દ બોલાતો થઈ ગયો છે. ઇમ્યુનિટી એટલે રોગ પ્રતિકારક શકિત સારી તંદુરસ્તી માટે જરૂર છે સારા ખોરાક, સ્વચ્છ હવા, શુદ્ધ પાણી, અને સ્વસ્થ મન-વિચાર અને સાત્વિક કર્મની. આમ શારીરિક માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય જ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આરોગ્યની વ્યાખ્યામાં સમાવેશ કર્યો છે.

આપણે જે વાત કરવાની છે તે એ છે કે જે પદાર્થો શરીરના યોગ્ય પોષણ માટે કે ઇમ્યુનિટી વધારવા માટે આવે છે તે પદાર્થો ખરેખર નિર્દોષ છે ખરા? આવા સમયે ઓર્ગેનિક ડાયેટ જે ખૂબ જ રસપ્રદ વિષય બની ગયો છે. તેની ચર્ચા કરવી જરૂરી છે.

ઓર્ગેનિક એટલે કે જે ખોરાકમાં હાનિકારક જંતુનાશકો-પેસ્ટીસાઈડઝ, રાસાયણિક ખાતર, ફર્ટિલાઇઝર કે જેનેટિકલી મોડીફાઈડ બિયારણનો ઉપયોગ ન થયો હોય તેવા અનાજ, શાકભાજી, ફળફળાદી હોય તેને ઓર્ગેનિક ખોરાકની વ્યાખ્યામાં મૂકી શકાય. વિચારીએ કે આજકાલ આપણે શું ખાઈએ છીએ.? ફળફળાદીને પકવવામાં પણ કેમિકલનો ઉપયોગ અને ઝંક ફૂડના પિઝર્વેટીવની તો વાત જ શું કરવી? એટલે જ જાગ્યા ત્યારથી સવાર કરીએ દિશામાં આગળ વધવું પડશે.

એ વાત આપણે સમજી લઈએ કે ઓર્ગેનિક એટલે કે ઝેર મુક્ત અનાજની ડીમાન્ડ કરવી પડશે. બીનજરૂરી ખર્ચા બંધ કરી સારો પ્રાકૃતિક ખોરાક આપણા પોતાના પરિવાર માટે ન વાપરી શકીએ ? કાગારોળ કરવાનું બંધ કરીએ. આ માટે ખેડૂતોને ઓર્ગેનીક ખેતી તરફ વાળવા પડશે. ગૌ આધારિત ખેતી જ એકમાત્ર વિકલ્પ છે. દરેક ખેડૂત ગૌવંશ પાળે, તેના ગૌમૂત્રમાંથી જીવામૃત અને હર્બલ પેસ્ટીસાઈડ- રોગ નિયંત્રક બનાવી તેના પાકમાં ઉપયોગ કરે તે માટે રાષ્ટ્રીય અભિયાન શરૂ થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાથી જાહેરાત કરી છે કે હું ધરતી માતાને ઝેર મુકત કરવા માગું છું. માટે સૌને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરીએ. ઘેર ઘેર ગાય પાળી, દૂધ-દહીં આરોગી,ગૌમૂત્ર-ગોબર આધારિત ખેતી કરી. ઝેર રહિત ફળ-શાકભાજી ઉગાડીએ અને સમાજને આપીએ. ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારોએ આ દિશામાં કદમ ઉઠાવ્યા છે. ઓર્ગેનિક ફાર્મિંગ, બાયો ફર્ટિલાઇઝર માટેની પોલિસી બની છે. પ્રોત્સાહક સ્કીમ બનાવી છે. ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના સેમિનારો કરી ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. વાતાવરણ ખૂબ સાનુકૂળ છે. લોકોમાં જાગૃતિ આવી છે. કૃષિ- ગૌ ઉધોગો દ્વારા ગ્રામ વિકાસ થશે. ઓર્ગેનિક પેદાશોને કારણે લોકોનું આરોગ્ય સુધરશે. આમ હેલ્ધી ઇન્ડિયાનું સ્વપન સાકાર થશે. તો ચાલો આપણે ગૌ આધારીત કૃષિ દ્વારા ગૌ સંસ્કૃતિની પુનઃસ્થાપનામાં યોગદાન આપીએ.

ડો.વક્ષાભાઈ કથીરિયા પૂર્વ કેન્દ્રીય મંત્રી

મુખ્યમંત્રીના સ્વાગત માટે ભાજપ અગ્રણીઓની ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ જનસંઘ-ભાજપના સ્થાપક-શિલ્પી આદરણીય શ્રી અટલબિહારી બાજપેયીજીના જન્મદિવસ તા.૨૫-૧૨-૨૦૨૧ થી પ્રારંભ કરવામાં આવેલ સુશાસન સમાહના સમાપન સમારંભ નિમિતે રાજકોટની મુલાકાતે આવી રહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ભવ્ય સ્વાગતના કાર્યક્રમોની તડામાર તૈયારી અંગે ચર્ચા કરી રહેલા રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ કમલેશભાઈ મિરાણી,મેયર પ્રદીપભાઈ ડવ,પ્રવકતા રાજુભાઇ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઇ કોઠારી,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ,વોર્ડ ન.૨ ના કોર્પોરેટર,સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય મનીષભાઈ રાડિયા,શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમભાઈ પુજારા નજરે પડે છે.

થેલેસેમિક બાળકોના લાભાર્થે શનિવારે રકતદાન કેમ્પ

સ્વ.સિધ્ધાર્થ મહેતાની ત્રીજી પૂણ્યતિથિ નિમિતે પ્રેરણારૂપ સેવાયજ્ઞ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

જૈન અગ્રણી તથા દાણાપીઠ એસોસિએશનનાં સેક્રેટરી મહેશભાઈ મહેતા તથા ઈલાબેનનાં પુત્ર સ્વ. સિધ્ધાર્થભાઈ મહેતાની ત્રીજી પુણ્યતિથિ નિમિતે થેલેસેમીયાગ્રસ્ત બાળકોનાં લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ બ્લડ ડોનેશન કેમ્પ શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપ, ડ્રિમ એડઝ, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મેઈન, રાજકોટ દાણાપીઠ વેપારી એસોસિએશનનાં તથા જૈન પ્રતીભાનાં સંયુક્ત ઉપક્રમે તા.૧/૧/૨૨, શનિવારે નાગર બોર્ડીંગ, વિરાણી સ્કુલની સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧૨ આયોજન કરવામાં આવેલ છે.

આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે મહેશભાઈ રસીકલાલ મહેતા દલાલ એમ.પી. બ્રધર્સ, ઈલાબેન મહેતા, શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપનાં વિનયભાઈ જસાણી, ડો.હેમાંગભાઈ વસાવડા, દીપભાઈ કોટેચા, કેતન વ્યાસ, કિશોરસિંહ ચૌહાણ અને દેવેન્દ્રભાઈ વાઢેર વગેરે જહેમત ઉઠાવી રહયા છે.

ગુજરાત યુવા કોંગ્રેસના પ્રમુખ તરીકે વિશ્વનાથસિંહ વાઘેલાની નિમણૂંક

સિનિયર નેતાઓ, પ્રદેશ પ્રભારીઓ, વિરોધ પક્ષના નેતા, ધારાસભ્યો, કાર્યકર્તાઓએ શુભેચ્છાનો ધોધ વરસાવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ગુજરાતમાં યુવા કોંગ્રેસની આંતરિક ચુંટણીઓ યોજાઈ હતી જેમાં નવ લાખ જેટલા યુવાનોની સભ્ય નોંધણી થઈ હતી અને વિધાનસભા, લોકસભામા શહેર, જીલ્લા અને રાજ્યકક્ષાના હોદેદારો પોત પોતાની મહેનતથી વધુમા વધુ યુવાનોને ઓનલાઈન સભ્ય નોંધણી કરાવેલ હતી એટલે જે તે ઉમેદવાર આ ચુંટણી લડતા હોય એ સભ્ય નોંધે તે એનો મતદાર ગણાતો હોય છે અને ત્યારબાદ સૌથી વધુ સભ્યોના મતદાર હોય તે પ્રમુખથી માંડી મંત્રી નક્કી થતા હોય છે.

આ ચુંટણીમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ચાર જેટલા ઉમેદવારો હતા જેમાં હાઈકમાન્ડના નિયમ મુજબ રાજ્યમા સૌથી વધુ મતો મેળવનાર પ્રથમ ત્રણ ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવાયા બાદ પ્રદેશ પ્રમુખ નક્કી થાય છે. આ પારદર્શક ઓનલાઈન ચુંટણી પકીયામા ગુજરાતમા પ્રદેશ પ્રમુખ તરીકે સૌથી વધુ મતો વિશ્વનાથસિંહ વાઘેલાને મળ્યા હતા અને ત્યારબાદ તેઓનુ દિલ્હી હાઈકમાન્ડે ઇન્ટરવ્યુ લેવાયા બાદ આજે પ્રદેશ પ્રમુખ તરીકે તેઓના નામ પર મહોર મારી હતી.

ઉલ્લેખનીય છે કે વિશ્વનાથસિંહ વાઘેલાએ કોંગ્રેસના યુવા નેતા હાર્દીક પટેલના નજીકના વ્યક્તિ છે અને છેલ્લા ૧૦ વધુ વર્ષના સમયથી NSUI માં અલગ અલગ પ્રદેશ-રાષ્ટ્રીય હોદાઓ સાથે નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા આવે છે અને છેલ્લે ગુજરાત યુવા કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ તરીકે નિમણૂંક થઈ હતી અને આજે તેમની પ્રદેશ પ્રમુખ નવી જવાબદારી મળી છે.

વિશ્વનાથસિંહે જણાવ્યું હતું કે રાજ્યમા વધતી બેરોજગારી, મોંઘુ શિક્ષણ, ભ્રષ્ટાચાર, પરીક્ષાઓમા ગેરરીતિઓ અને પેપરલીક થવા જેવી બાબતોના સરકાર સામે ઉગ્રતાભેર આંદોલન કરી યુવાનોને ન્યાય અપાવવા પ્રાથમિકતા આપીશ.

યુવક કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકે વિશ્વનાથસિંહ વાઘેલા ફાઈનલ થતા જ સિનિયર કોંગ્રેસના નેતાઓ, પ્રદેશ પ્રભારીઓ, વિરોધપક્ષના નેતા સહીત તમામ ધારાસભ્યો અને ઠેક ઠેકથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

મોંઘુ શિક્ષણ, પેપર લીક સહિતના પ્રશ્નોને લઈને સરકાર સામે આંદોલન કરી યુવાનોને ન્યાય અપાવવા પ્રાથમિક આપીશઃ વિશ્વનાથસિંહ

વિંછીયા બ્લોક હેલ્થ ઓફિસ ખાતે આંદોલન

તાકિદે ઘટતા સ્ટાફની નિયુકિત કરવા માંગણી

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૩૦

ગુજરાત રાજ્ય પૂર્વ સરપંચ સંકલન સમિતિના પ્રમુખ ભુપતભાઈ કેરાલીયા અને તેની ટીમ દ્વારા વિંછીયા ખાતે ઉપવાસ આંદોલન શરૂ થયું છે.

તેમના જણાવ્યા મુજબ ગુજરાતમાં સરકાર દ્વારા રાજકોટ જિલ્લામાં નવી ૬ બ્લોક હેલ્થ ઓફિસ મંજૂર કરવામાં આવેલ તેમાં વિંછીયા તાલુકા સિવાય અન્ય બ્લોક હેલ્થ ઓફિસમાં કાયમી સ્ટાફની ભરતી કરી નાખેલ છે. પણ આરોગ્ય અધિકારી ડો.ભંડેરી દ્વારા વિંછીયા તાલુકામાં જ કાયમી સ્ટાફની ભરતી કરેલ નથી. આરોગ્ય કર્મચારીઓને અન્યાય અને બ્લોક હેલ્થ ઓફિસમાં કાયમી સ્ટાફ અને

પી.એચ.સીમાં ડોક્ટર મૂકવામાં આવતા ન હોવાના કારણે પછાત એવા વીંછિયા તાલુકાને અન્યાય થતો હોય અને વિંછીયા તાલુકા પ્રત્યે ઓરમાયું વર્તન રાખીને આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવતી નથી. કર્મચારીઓને સમયસર પગાર કરવામાં આવેલ નથી. ગાંધીનગર અધૂરી માહિતી મોકલીને કર્મચારીઓને હેરાન કરવામાં આવે છે.

આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને અનેક વખત લેખિત રજૂઆત કરવામાં આવેલ પરતું અરજી અંગે આજ સુધી જિલ્લા વિકાસ અધિકારી રાજકોટ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કે પગલાં ભરવામાં આવેલ નથી જેથી આજ રોજ મામલતદાર વિંછીયા કચેરી સામે પ્રતિક ઉપવાસ પર બેસવાની ફરજ પડી છે. ઉકેલ નહી આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેમ અંતમાં ભુપતભાઈ કેરાલીયાએ જણાવ્યું હતું.

સરસ્વતી વિદ્યાલયનું ગૌરવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટના વોર્ડ નં.૫ બ્રાહ્મણિયાપરા, ગોવિંદબાગ સ્થિત સરસ્વતી વિદ્યાલયમાં ધો.૭ માં અભ્યાસ કરતી ચૌહાણ રિધ્ધિ નિતિનભાઈએ બજાજ કેપિટલ ઈન્સ્યોરન્સ કું. આયોજિત પ્રશ્નમંચ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ નંબર પ્રાપ્ત કરી મેડલ મેળવી ચૌહાણ પરિવાર તથા શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય જે.ડી. ભાખર સાહેબે અભિનંદન પાઠવેલ છે.

મકરસંક્રાંતિના પૂણ્ય પર્વે શ્રમદાન આપવા આહવાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ માત્ર ૧૦ વર્ષના ટૂંકા સમયગાળામાં અનેક સેવાકાર્યો કરી ચૂકયું છે. આગામી મકરસંક્રાંતિ તા.૧૪-૧-૨૦૨૨ શુક્રવારના રોજ આવી રહી છે. ત્યારે સંસ્થા માટે દાન એકત્રિત કરવાનો આ સુવર્ણ અવસર છે. જેથી આ દિને માત્ર એક જ દિવસ માટે શ્રમદાન આપીને શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ટ્રસ્ટ દ્વારા સ્થાપિત છાવણીમાં સ્વયંસેવક તરીકે જોડાઈને તેમજ મિત્ર વર્તુળમાં પણ આ સેવામાં જોડાવા પ્રેરિત કરીને મહત્તમ દાન મળે તેવા પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવી છે.

આ એકદિવસીય શ્રમયજ્ઞમાં જોડાનારનું સન્માન તેમજ આકર્ષક ગીફ્ટ અને સર્ટીફિકેટ આપવામાં આવશે.

આ સેવામાં તમારૂ નામ મો. ૯૯૧૩૩૧૦૧૦૦ ઉપર અથવા સેવાભવન ભોલેનાથ સોસાયટી, શેરી નં. ૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરૂપ્રસાદ ચોક પાસે, રાજકોટ ખાતે રૂબરૂ નામ નોંધાવી જવા પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલા દ્વારા કરાઈ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

રાજગોર સમાજનું ગૌરવ

અમરેલી જિલ્લાનું ગૌરવ એવા વિપ્લવભાઈ તેરૈયાની ભાવનગરની કોર્ટમાં સિવિલ જજ એન્ડ જયુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ તરીકે નિમણુક મળેલ છે. તેઓનું અભ્યાસ અંગેજી માધ્યમમાં રહ્યું હતું. શિક્ષક તરીકેની ફરજ બજાવી TAT, HIGHCOURT નાયબસેક્શન અધિકારી તરીકે ૭ વર્ષ કાર્ય કરેલ સાથે કાયદાનું જ્ઞાન પણ મેળવેલું. 'દરેક મનુષ્ય પોતે પોતાનો ઘડવૈયો છે'. એ પંક્તિ તેમને સાબિત કરી બતાવી. તેઓ હસમુખભાઈ તેરૈયા(અમરેલી)ના સુપુત્ર તેમજ સ્વ.હરીશભાઈ જોશી(રાજુલા)ના જમાઈ તેમજ સમસ્ત રાજગોર સમાજનું ગૌરવ વધારેલ છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મુખ્યમંત્રી સાથે ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત વિવિધ મંત્રાલયોની શુભેચ્છા મુલાકાત લઈ રાજકોટ-સૌરાષ્ટ્રના વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરી હતી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિત્વ કરતી ૬૭ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. જે હર હંમેશ વેપાર-ઉદ્યોગના પ્રશ્નોના યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ પ્રશ્નોનો નિવેડો લાવવા રજૂઆત

તાજેતરમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખ પાર્થ ગણાત્રા, માનદ્ મંત્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રી કિશોરભાઈ રૂપારેલિયા એ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યકાળને ૧૦૦ દિવસ પૂર્ણ થયેલ હોય ત્યારે તેઓની ગાંધીનગર ખાતે રૂબરૂ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે ચર્ચા-વિચારણા કરી હતી. સાથોસાથ રાજયના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીજી, ઉદ્યોગ મંત્રી જગદીશભાઈ પંચાલજી, બી.જે.પી. અધ્યક્ષ સી.આર. પાટીલજી, વાહન-વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણીજીની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ક્રિસ્ટલ સ્કૂલમાં અનોખા ઉત્સવની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

વાયરસની વ્યથામાં નિરસ જીવન જીવતા લોકો પોતાના સંતાનોના ચહેરા પર સ્મિત કેમ લાવી શકે ? સુકાઈ રહેલા શિક્ષણરૂપી મૂળમાં પાણી નાખવાને બદલે પાંદડે-પાંદડે પાણીનો સ્પ્રે કરતાં સમાજમાં આજકાલ સૌની નજર બાળકોને શિક્ષણ કેમ આપવું તેના કરતાં ઝડપથી શાળાઓ બંધ કરો તેના પર વધારે છે. તેવો કચવાટ વ્યકત કરવા સાથે રાજકોટની ક્રિસ્ટલ સ્કૂલમાં અનોખા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષણ અને શિક્ષકની વ્યથાને વાચા આપતા નાટક-વકતવ્ય રજૂ કરાયા

હોટલો, પ્રસંગો મેળાવળામાં બાળકોને સુરક્ષા કવચ આપી હોંશે હોંશે ફેરવતા વાલીઓ કદાચ આજ વિચારે બાળકોને નિરંતર શિક્ષણ આપવાના પક્ષમાં રહેશે તો સસ્તી પ્રસિધ્ધિ મેળવવા શાળા-શિક્ષકો વિશે બેફામ બોલનારા અશિક્ષિત સલાહકારોનો વર્ગ બેકાર થઈ જશે. હવે નક્કી સરકારએ અને સુજ્ઞ સમાજજીવીઓએ કરવાનું છે કે રોજગારી કોને આપવી? તેવો સવાલ ઉઠાવાયો હતો.

જો કે પ્રાચીનથી અર્વાચીન પ્રણાલી સુધી તમામ પ્રશ્નોનાં જવાબ શોધવામાં શિક્ષકે જ અગ્રેસર રહેવું પડશે અને ઈતિહાસ તેનો સાક્ષી છે. તે વાતને જીવનમંત્ર સમજી ક્રિસ્ટલ શાળા પરિવારના શિક્ષકો દ્વારા અનેરો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં વર્તમાન બદલાતા સંજોગો અને પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને કઈ રીતે અને કેવું શિક્ષણ આપવું તે વિશે વિવિધ વિભાગના શિક્ષકોએ નાટકો તેમજ સંવાદના રૂપમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ઓનલાઈન શિક્ષણથી વ્યથિત બાળક ફરીથી ઉત્સાહ સંપાદિત કરે તે માટે તૈયાર કરવામાં આવેલા નાટકોમાં 'વર્તનનું વિજ્ઞાન' , 'શિક્ષક કોરોના વોરીયર્સ', 'વિચાર બદલો આચારથી', 'સરખામણી તો અળખામણી', 'જો વ્હાલો... ભણવા આવ્યો', 'મારા શિક્ષક સર્વોપરી', 'જીદ શિક્ષકની તારા માટે', 'ભણવા-ભણાવવાની પધ્ધતિ' વગેરે ટાઈટલ અંતર્ગત સ્ક્રિપ્ટ રાઈટીંગથી રજૂઆત સુધીની તમામ તૈયારી શિક્ષકોએ જાતે કરી હતી.

ખૂબ જ સુંદર રીતે ભજવાયેલા આ નાટકો દ્વારા બાળકોને વર્તમાન પરિસ્થિતિમાં કેમ ઉત્સાહપૂર્વક શિક્ષણ આપી શકાય, તેવી છણાવટ અને પધ્ધતિ સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ પૂરનાર શિક્ષક પણ બદલાતા પ્રવાહોમાં નિરાશ ન થાય તે માટે શાળાના ચેરમેન રણજીતસિંહ ડોડીયાએ બે શિક્ષણની કાલ આજ અને આવતીકાલ વિશે વિસ્તૃત કાવ્યાત્મક શૈલીમાં પોતાના વિચારો રજૂ કરી સૌને ઉત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીની દુર્વા ડોડીયાએ કર્યુ હતું. વર્તમાન પરિસ્થિતિમાં બાળકોની શારીરિક તેમજ માનસિક કાળજી કેવી રીતે થઈ શકે તે માટે કરેલા શાળાના શિક્ષકોનો આ પ્રયત્ન ખરેખર સરાહનીય છે.

પ્રાથમિક શિક્ષકોના આઠ પ્રશ્ને રજૂઆત

ગુજરાત પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રી સમક્ષ માંગણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજયના પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોની વારંવાર મૌખિક અને લેખિત રજૂઆત કરવા છતાં જેનો ઉકેલ મળેલ નથી તેવા પ્રશ્નોના ઉકેલ માટે ગુજરાત પ્રાથમિક શૈક્ષિક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરાઈ છે. બદલીઓના નવા નિયમો ઝડપી બહાર પાડવા, બદલી થયેલા શિક્ષકોને ૧૦૦% પ્રમાણે છુટા કરવા, વિદ્યાસહાયકોને આપવામાં આવતી S.P.L. (ખાસ રજા) તા.૨૭-૪-૨૦૧૧ પહેલા ભરતી થયેલ વિદ્યાસહાયકોને નિવૃતના પ્રમાણમાં બે વર્ષની નોકરી પૂર્ણ કરે પૂરા પગારમાં સમાવેશ કરવા (વર્ષ ૨૦૦૮ની ભરતી વાળા ૫ જીલ્લા અને વર્ષ ૨૦૧૦ ની ભરતી વાળા ૧૫ જીલ્લામાં આ પ્રશ્ન છે.), HTAT મુખ્ય શિક્ષકોને કેળવણી નિરીક્ષક શિક્ષણની ખાલી જગ્યાપર બઢતી આપવા, HTAT મુખ્ય શિક્ષક ભરતી કેમ્પમાં સ્થળ ન સ્વીકારનાર શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવા, HTAT મુખ્ય શિક્ષકો માટે વિદ્યાર્થીઓની સંખ્યામાં રેશીયો ઘટાડવા તથા શિક્ષકોના બોન્ડનો સમયગાળો ઘટાડીને પાંચ વર્ષ કરવા માટે ઝડપથી યોગ્ય ઘટતું કરવા અધ્યક્ષ ભીખાભાઈ પટેલ અને મહામંત્રી રતુભાઈ ગોળે માંગણી મુકી છે.

કાલથી આકૃતિ ગ્રુપનું ત્રીજું આર્ટ એકિઝબિશન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

આકૃતિ આર્ટ ગ્રુપ દ્વારા આગામી તારીખ ૩૧ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સવારે ૧૦ થી રાત્રે ૯ વાગ્યા સુધી ડો. શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરી - રેસકોર્ષ ખાતે ૯૦ થી વધુ કલાકારો પોતાની કલા રજુ કરતા આર્ટ એકિઝબિશનનું આયોજન કરવામાં આવેલ છે.

૯૦ થી વધુ કલાકારોની વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરાશે

આ આર્ટ એકિઝબિશનમાં કલાકારો દ્વારા અલગ અલગ વિષયો અને માધ્યમ પર તેઓએ સર્જેલ કલાકૃતિનું પ્રદર્શન કરવામાં આવશે.

આર્ટ એકિઝબિશન તારીખ ૩૧મી ડિસેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે રાજકોટનાં જાણીતા મહાનુભાવો અબતક ન્યુઝના સતીષ મહેતા, કેપ્ટન જયદેવ જોષી, હાસ્યકલાકાર ચંદ્રેશ ગઢવી, આર.જે. વિનોદ, શિક્ષણવિદ તૃમિબેન ગજેરા, ઉદય ત્રિવેદી, તેમજ આર્ટીસ્ટ તુષાર પટેલનાં હસ્તે ખુલ્લું મુકવામાં આવશે.

આ આર્ટ એકિઝબિશન નિહાળવા તેમજ કલાકારોને પ્રોત્સાહન આપવા માટે રાજકોટની કલાપ્રેમી જનતાને પધારવા આમંત્રણ આપવામાં આવેલ છે.

ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટના વિજેતાઓને ઈનામ વિતરણ

ગેસ્ટફોર્ડ ચેસ કલબ અને કાઠીયાવાડ જીમખાનાનાં સંયુકત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ઓપન ગુજરાત રેપિડ ચેસ ટુર્નામેન્ટ કાઠીયાવાડ જીમખાના રાજકોટમાં રમાડવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગોવિંદભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ ઝાલા, અર્જુનભાઈ પટેલે તથા મુકેશ ભટ્ટે હાજરી આપી દીપ પ્રગટાવી ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ ટુર્નામેન્ટમાં ૬૦ જેટલા ઈનામો જુદી કેટેગરીના ખેલાડીઓને આપવામાં આવેલ હતા. વિજેતાઓને ઈનામ ગાયત્રીબા વાઘેલા, અંશ ભારદ્વાજ, જાનવીબેન લાખાણી, હસુભાઈ ગણાત્રા, અજીતભાઈ દોશી, સંજયભાઈ મોદી, વિશાલભાઈ સોલંકી, સેક્રેટરી કિશોરસિંહ જેઠવા, વલ્લભભાઈ પીપળીયા, હર્ષિલભાઈ શાહ, દિવ્યરાજસિંહ મકવાણા દ્વારા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વિજેતા થયેલ ખેલાડીઓની યાદી મુજબ, લેડીસ ટુર્નામેન્ટમાં યસ્વી મારવાણીયા, હિર પટેલ, ધૈવી શેઠ, દિવ્યાંશી ગોસ્વામી,હીર બાબરીયા, અંડર-૧૭ યસ પિત્રોડા, હીમિષ બાબરીયા, પૃષ્ટિ ઠુમ્મર, પિયુષ ભારતી, કિરત તરવાણી, અંડર-૧૧ દેવ ભટ્ટ, કંન્દ્રપ વોરા, દેવ પિત્રોડા, કાવ્યા સેંગરા, સ્વયં ચુડાસમા, ઓપન અંકિત ચુડાસમા, (ભાવનગર) ઉદિત કામદાર, ઝસાંગ ત્રિવેદી, મન અકબરી, અક્ષીતા કાચાનો વિજય થયો હતો.

વિજય થયેલ ખેલાડીઓને શિલ્ડ, સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ હતા. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે વિશાલ સોલંકી, કિશોરસિંહ જેઠવા, ભાવેશભાઈ કાલરીયા, ચિસગભાઈ સંઘવી, મહેશભાઈ ચૌહાણ, અનિલભાઈ શુકલ, જય ડોડીયા, રાજેશભાઈ ધ્રુવ, મહેશભાઈ વ્યાસ, દીપકભાઈ જાની, સિદ્ધાર્થભાઈ મહેતા, ધર્મેન્દ્રભાઈ ઓરા અરવિંદભાઈ માલવી દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવેલ હતી. આ ટુર્નામેન્ટમાં આર્બિટ્રેટર તરીકે પંકજભાઈ પંચોલી સુરેન્દ્રનગર સેવા આપેલ હતી. વેલકમ સ્પીચ વિશાલભાઈ સોલંકી અને સંચાલન અને આભારવીધી કિશોરસિંહ જેઠવા દ્વારા કરવામાં આવી હતી.

શ્રીમાળી સોની પાટડિયા પરિવાર દ્વારા દિવ્ય નવચંડી યજ્ઞ

શ્રી તુલજાભવાની મંદિરે ધ્વજારોહણ અને મહાપ્રસાદ યોજાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

તાજેતરમાં માં સમસ્ત શ્રીમાળી સોની હળવદીયા-પાટડિયા વાગડીયા-પાટડીયા, મૈથાણીયા-પાટડિયા જાંબુડીયા-પાટડીયા તથા સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર દ્વારા શ્રી તુલજાભવાની માં નો નવચંડી યજ્ઞ રંણુ મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ નવચંડી યજ્ઞ માં સવારે ૬ કલાક મંગળા આરતી તથા ૭.૩૦ કલાકે નવચંડી યજ્ઞ તથા સવારે ૯.૩૦ શ્રી સોની પાટડિયા પરિવાર દ્વારા ધ્વજા રોહણ કરવામાં આવ્યું. સવારે ૧૧.૩૦ કલાકે પરમ પૂજ્ય મહંત શ્રી કવિન્દ્રગીરીજીનાં આશીર્વાદ બપોરે ૧૨.૩૯ કલાકે નવચંડી યજ્ઞ શ્રી ફળ હોમવામાં આવ્યું હતું. બપોરે ૧ વાગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. ૨૫ મી નવચંડી યજ્ઞનાં આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી તુલજાભવાની માં નાં રંણુ મંદિર મહંત શ્રી કવિગિરી મહારાજ તથા નવિનતભાઈ પાટડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ નવચંડી યજ્ઞનાં આયોજન કમિટી મેમ્બરમાં ગિરીશભાઈ પાટડિયા, હષેદભાઈ પાટડિયા, દિનકર ભાઈ પાટડિયા, ભુપેન્દ્રભાઈ પાટડિયા, વિપુલભાઈ પાટડિયા, જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા, વિરલભાઈ પાટડિયા, પંકજભાઈ પાટડિયા, મહેશભાઈ પાટડિયા, પ્રકાશભાઈ પાટડિયા, મયુરભાઈ પાટડિયા, હરીશભાઈ પાટડિયા, મહેન્દ્રભાઈ પાટડિયા, જયેશભાઈ પાટડિયા, હષેદભાઈ પાટડિયા, ભરતભાઈ પાટડિયા, ચંદ્રેશભાઈ પાટડિયા, ભુમિતભાઈ પાટડિયા, કલ્પેશભાઈ પાટડિયા વિગેરે કમિટી મેમ્બર ભારે જહેમત ઉઠાવી હતી.

જેતપુર પાસે ડમ્પર હડફેટે નવ ઘેટાં-બકરાના મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જેતપુર, તા.૩૦

જેતપુર તાલુકાના મંડલીકપુર ગામ પાસે પોરબંદર હાઈ-વે પર આજે સવારે સિમ વિસ્તારમાં ચરણ માટે લઈ જવાતા અબોલ પશુ ઘેટા બકરા ઉપર ડમ્પર ફરી વળતા ઘટના સ્થળે ૯ જેટલા ઘેટાં બકરાના મોત થવા પામેલા હતા એ ઘટના બનતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

બનાવની વિગત મુજબ માલધારી ભારાભાઈ નાથાભાઈના જુદા-જુદાની માલિકી ઘેટા બકરા આજે સવારે ૭ વાગ્યા આજુબાજુ સિમ વિસ્તારમાં ચરણ માટે લઈને જતા હતા. ત્યારે જેતપુર પોરબંદર નેશનલ હાઈ-વે પર આવેલ મંડલીકપુર ગામ આગળ સવારે ગાઢ ધુમ્મસના કારણે ગુંદાળા તરફથી આવતા ડમ્પર ચાલકે કાબુ ગુમાવતા ઘેટા બકરા અડફેટે ચઢ્યા હતા અને રોડ અબોલ જીવોના લોહીથી રકત રંજીત બન્યો હતો. આ અકસ્માત સર્જયા બાદ ડમ્પર ચાલક ડમ્પર લઈને ફરાર થયો હતો. આ બનાવના પગલે ગ્રામજનોની મોટી સંખ્યામાં લોકો ઉમટી પડી હતી આ બનાવ અંગે રાજકોટ હાઈવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

નેશનલ હાઈ-વે પર ધુમ્મસના કારણે કમકમાટી પ્રસરાવતો અકસ્માત

મહોબતપુર પ્રા. શાળામાં અનોખો બાળમેળો યોજાયો

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૩૦

વંથલી તાલુકાના મહોબતપુર ગાંઠીલા પ્રાથમિક શાળા ખાતે અનોખો બાળ મેળો યોજાયો હતો. જૂનાગઢના મેંદરડા શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અતિ ગંભીર મનોદિવ્યાંગ સંસ્થાના બાળકોમાં સંવેદના જિજ્ઞાસા વૃત્તિ સતેજ બનાવવા મહોબતપુર ગાંઠીલાની પ્રાથમિક શાળામાં બોલાવી હળવી રમતો લાઈફ સ્કિલ સમાનતાનો સમભાવ કેળવાય ઉત્તમ ગુણ વિકાસ હેતુએ આ મુલાકાત દ્વારા સામાન્ય બાળકો અને અતિ મનોદિવ્યાંગ બાળકો વચ્ચે બાળ મેળો યોજી રાષ્ટ્ર નું માનસ ઘડતર કરનાર ખરા ઘડવૈયા શાળાના શિક્ષકોએ વંદનીય પ્રયાસ હતો. શાળા પરિવાર એવમ સી.આર.સી જેઠવા સાહેબ, અમિતભાઈ વ્યાસ સહિત સમગ્ર આયોજન બદલ સંસ્થાના કૌશિકભાઈ જોશી એવમ ટ્રસ્ટીગણોએ શાળા પરિવારોનો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ફરેણીધામ સ્વામિનારાયણ મંદિરે મહામંત્ર પ્રાગટય ઉત્સવનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જેતપુર, તા.૩૦

જેતપુર પાસે આવેલ સ્વામીનારાયણ ફરેણી ધામ ખાતે ૨૨૦મો મહામંત્ર પ્રાગટય મહોત્સવનો પ્રારંભ થયો છે. ફરેણી ગામે સહજાનંદ સંસ્કારધામ મહામંત્રપીઠના સંસ્થાપક શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી ત્રિદિનાત્મક સ્વામીનારાયણ મહામંત્રનો ૨૨૦મો પ્રાગટય મહોત્સવ ધામધૂમથી ઉજવણી કરવાનું ભવ્ય આયોજન કરવા આવ્યું છે.

આ સમારોહને સફળ બનાવવાં માટે ફરેણી સ્વામી નારાયણ ધામના સંતો પૂ. શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન તળે પૂ. ચત્રભૂજ સ્વામી સહિતના સંતો, હરિભકતો જહેમત ઉઠાવી રહ્યા છે.

ફરેણી સ્વામી નારાયણ મંદિરના સંત પૂજ્ય ચત્રભૂજ સ્વામીએ જણાવ્યું હતું કે ફરેણી ગામે સહજાનંદ સંસ્કારધામ મહામંત્રપીઠના સંસ્થાપક શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી આજથી ત્રિદિનાત્મક સ્વામીનારાયણ મહામંત્રનો ૨૨૦મો પ્રાગટય મહોત્સવ ઉજવાશે જેમાં મહામંત્ર જ્ઞાનયજ્ઞ, વ્યાખ્યાનમાળા કથાવાર્તા ઉપરાંત ઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક અને અન્નકૂટ યોજાશે. આ મહોત્સવમાં આજે બોપર બાદ ડો. દિપેન પટેલનો સાંધા-રનાયુના દુ:ખાવા વિષેનો સેમિનાર યોજવામાં આવ્યો છે.

યાત્રાધામ વીરપુરમાં કડકડતી ઠંડીમાં તાપણાંની હૂંફ

(કિશન મોરબીયા દ્વારા)

વીરપુર, તા.૩૦

સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં હાડ ધ્રુજાવતી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં છેલ્લા ચાર-પાંચ દિવસ થયા વહેલી સવારથી જ ઝાકળવર્ષા તેમજ ગાઢ ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાઈ છે.

સાથે સાથે કમોસમી માવઠા પણ વરસ્યા છે જેમને લઈને શિયાળામાં એકી સાથે ત્રણ ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે પરંતુ આજે વાદળછાયા વાતાવરણમાંથી આકાશ ચોખ્ખું થતા સવારથી જ ઠંડા પવનના સુસવાટા સાથે જાણે યાત્રાધામ વીરપુર કાશ્મીર બન્યું હોય.

તેમ રાત્રે હાડ ધ્રુજાવતી ઠંડી ચમકારો જોવા મળ્યો હતો જેમને લઈને યાત્રાધામ વીરપુરના નવયુવાનો પણ આ કડકડતી ઠંડીમાં તાપણાનો સહારો લઈને હાડ થીજાવતી ઠંડીમાં તાપણું કરીને ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા તસવીરમાં નજરે પડે છે.

સૌરાષ્ટ્રમાં ૭૦ વર્ષ બાદ ચિલોત્રા પક્ષીનું આગમન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં જોવા મળતું ચિલોત્રા નામનું પક્ષી એક સમયે સૌરાષ્ટ્રમાં પણ સામાન્ય રીતે જોવા મળતું હતું. પરંતુ તેનાં શિકાર અને મોટાં વૃક્ષોનાં નિકાંદનના પગલે ચિલોત્રો સૌરાષ્ટ્ર માટે દુર્લભ બની ગયું. ખાસ કરીને તેના માળા માટે અનુકૂળ જગ્યા ન મળવાથી સૌરાષ્ટ્રમાંથી તે નામશેષ થઈ ગયાં.હવે ૭૦ વર્ષ બાદ પાલીતાણા તાલુકાના મેઢા ગામના વાડી વિસ્તારમાં પક્ષી નિરીક્ષણ કરતી વખતે પ્રકૃતિવિદ શિક્ષક રોનિત વસાણી દ્વારા આ પક્ષી જોવામાં આવ્યું અને તેને કેમેરામાં કંડારી લેવામાં આવ્યું. તે રાખોડી રંગનું અને કાગડાથી સહેજ મોટું પક્ષી હોય છે. તેની ચાંચ ઉપરના ભાગમાં આવેલી શિંગડાં જેવી વિશિષ્ટ રચનાને

કારણે તેને અંગ્રેજીમાં હોર્નબીલ કહે છે. આ પક્ષી મુખ્યત્વે ફળો અને જીવાંતો આરોગે છે અને સામાન્ય રીતે વધુ વૃક્ષો હોય તેવા વિસ્તારમાં જોવા મળે છે. ચિલોત્રાનાં અણધાર્યાં આગમનથી પક્ષીપ્રેમીઓમાં ખુશીની લાગણી અનુભવાઇ છે. અત્રે એ પણ નોંધનીય છે કે, ફરિયાદકા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રકૃતિપ્રેમી પ્રવીણ સરવૈયા દ્વારા પણ ગીરમાં પ્રથમ વખત લાલ પૂંછડીવાળા કસ્તુરા પંખીની નોંધ લેવાઈ છે, જે વિરલ ઘટના છે.

હોકી અન્ડર-૧૭ માં ડાંગની મહિલા ટીમ બીજા નંબરે

(બાપુ મહાલ દ્વારા) ડાંગ, તા.૩૦: કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર સંચાલિત જિલ્લા રમતગમત અધિકારી, બરોડા આયોજિત રાજ્ય કક્ષા જવાહરલાલ નેહરૂ અંડર-૧૭ હોકી બહેનોમાં ડાંગ જિલ્લાએ ભાગ લીધો હતો. જેમાં ડાંગ જિલ્લાના આહવા તાલુકાની ઋતંભરા કન્યા વિદ્યાલય, સાપુતારાની કન્યાઓએની હોકી ટીમને ડાંગના સિનિયર કોચ અલ્કેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્યકક્ષાએ બીજા નંબરે વિજેતા થઈ શાળા અને ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

મુખ્યમંત્રીનું અદકેરૂ સ્વાગત કરવા શહેરીજનોમાં અનેરો ઉત્સાહ : મિરાણી



જુદા-જુદા સમાજ-જ્ઞાતિઓના લોકો તેમના પરંપરાગત વેશભુષા પહેરીને સ્વાગતમાં જોડાશે :મુખ્યમંત્રીને સત્કારવા સંતો- મહંતો શહેરના શ્રેષ્ઠીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓઓના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૩૦

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે સવારે સુશાસન સપ્તાહ પર્વના રાજય કક્ષાના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવી રહયા છે. ત્યારે શહેર ભાજપ મુખ્યમંત્રીનું ભવ્યાતિભવ્ય અને અદકેરૂ સ્વાગત કરવા રોડ-શો, દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રીશ્રી એરપોર્ટથી કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞીક રોડ થઈને ધર્મેન્દ્ર કોલેજ સુધીનો રોડ-શો,સત્કાર કાર્યક્રમનો રૂટ પર કેસરીયો માહોલ સર્જાયો છે. રોડ-શોના રૂટમાં હોર્ડીંગ્સ, બેનર, પાર્ટીના ઝંડા-ઝંડી થી સમગ્ર રૂટથી શણગારવામાં આવેલ છે. ત્યારે મુખ્યમંત્રીનું એરપોર્ટ ખાતે પ્રથમ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ રોડ-શોના રૂટમાં ઠેર-ઠેર મુખ્યમંત્રીશ્રીનું સંતો-મહંતો, શહેરના શ્રેષ્ઠીઓ, વિવિધ સંસ્થાઓ, વિવિધ સમાજ-જ્ઞાતિ અગ્રણીઓ અને શહેરીજનો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું પુષ્પવૃષ્ટિ દ્વારા સ્વાગત કરવામાં આવશે.

ત્યારે રોડ-શો ના રૂટના કુલ ૬૧ પોઈન્ટ ઉપર વિવિધ સ્થળે સ્વાગત પોઈન્ટ ઉપર આકર્ષક ફલોટસ- સ્ટેજ બનાવવામાં આવેલ છે અને ડી.જે-બેન્ડ ની સુરાવલિઓ સાથે દેશભકિતસભર વિવિધ કાર્યક્રમો,સાંસ્કૃતીક કાર્યક્રમોની હારમાળા સર્જાશે અને વિવિધ સમાજના લોકો તેમની પરંપરાગત વેશભુષા સાથે મુખ્યમંત્રીનું સ્વાગત કરશે. જેમાં ક્ષત્રીય સમાજના આગેવાન સાફો પહેરીને, ભરવાડ અને રબારી સમાજ પરંપરાગત વેશભુષા અને રંગબેરંગી છત્રી સાથે, વ્હોરા સમાજના આગેવાનો ટોપી પહેરીને, આહીર સમાજના આગેવાનો પરંપરાગત પહેરવેશમાં, જૈન સમાજના અગ્રણીઓ સફેદ વસ્ત્રો ધારણ કરીને અને પ્રજાપતી સમાજ ચાખડાનું નિદર્શન કરી આ કાર્યક્રમને ઓપાવશે, તેમજ શહેર ભાજપ યુવા મોરચાના ૧૦૦૦ થી વધુ કાર્યકર્તાઓ કિશન ટીલવા, કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયા, પૃથ્વીસિંહ વાળા, પરેશ પીપળીયા(પી.પી.) ના નેતૃત્વમાં કેસરી ટોપી ધારણ કરીને બાઈક સાથે સ્વાગત કાર્યક્રમ- રોડ્શોમાં જોડાશે.આમ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ આ રાજકોટ ખાતેના મુખ્યમંત્રીના કાર્યક્રમને ભવ્ય બનાવવા માઈક્રોપ્લાનીંગથી કામગીરી કરી રહયા છે.

(તસવીરઃ દિલીપ ગોહેલ)

જુદા-જુદા રંગારંગ- સાંસ્કૃતીક કાર્યક્રમો રજુ કરાશે

શહેર ભાજપ યુવા મોરચાના ૧૦૦૦થી વધુ કાર્યકર્તાઓ કેસરી કેપ સાથે બાઈક સાથે જોડાશે

મુખ્યમંત્રીને શાલ ઓઢાડી સ્વાગત, અભિવાદન કરશે ચેતન રામાણી

રાજકોટ, તા.૩૦: પ્રદેશ ભાજપના અગ્રણી ચેતનભાઇ રામાણીએ અખબારી યાદીમા જણાવ્યું છે કે, ભુપેન્દ્રભાઈ પટેલ આવતીકાલના રોજ સુશાસન પર્વના રાજયકક્ષાના સમાપન સમારોહમા મુખ્યપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત આપણા શહેર રાજકોટ ખાતે આવી રહ્યા છે તેમજ તેમની સાથે રાજયના પૂર્વ મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણી પણ ઉપસ્થિત રહેશે અને રાજકોટ ભાજપ પરીવાર દ્વારા તેઓનું સત્કાર માટે ભવ્ય રોડ - શો નું આયોજન કરવામા આવ્યું છે.ચેતનભાઇ રામાણી મુખ્યપ્રધાનનું સાલ ઓઢાળી, સાફો પહેરાવીને સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ આપી કાઠીયાવાડી ઢાલથી સ્વાગત અભિવાદન કરશે.

શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ લઘુમતી મોરચા દ્વારા સમીક્ષા બેઠક યોજાઇ

રાજકોટ, તા.૩૦

શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ મોહસીન લોખંડવાલાના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ મહામંત્રી નાહિનભાઈ કાઝી, પ્રદેશ મંત્રી હારૂનભાઈ શાહમદાર અને પ્રદેશ ઉપપ્રમુખ હમીદભાઈ ગોહીલની ઉપસ્થિતિમાં લઘુમતી મોરચાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ સંચાલન શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રભારી આસીફભાઈ સલોત, સ્વાગત પ્રવચન પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી હારૂનભાઈ શાહમદાર અને અંતમાં આભારવિધિ શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ યાકુબભાઈ પઠાણએ કરેલ હતી . બેઠકની વ્યવસ્થા શહેર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી વાહીદભાઈ સમા અને રાજુભાઈ દલવાણીએ સંભાળી હતા. આ બેઠકમાં ભાજપ લઘુમતી મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીના હસ્તે સમરસ ગ્રામપંચાયતોને ૪.૫૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરાશે

સમરસ ગામોના સરપંચોનો સન્માન કાર્યક્રમઃ ભૂપત બોદર

રાજકોટ: મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ વિવિધ લોકહીતકારી અને લોકકલ્યાણકારી યોજનાઓના ઉપસ્થિત રહેવાના છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં તાજેતરમાં સંપન્ન થયેલ ચૂંટણીમાં જિલ્લા સમરસ થયેલ ગ્રામપંચાયતોના સરપંચોના સન્માનનો કાર્યક્રમ યોજાશે. ત્યારે મુખ્યમંત્રીના હસ્તે જિલ્લાના વિવિધ જનકલ્યાણકારી કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવશે જે અંતર્ગત ૧૫ માં નાણાંપંચ અંતર્ગત ગ્રાન્ટમાંથી જિલ્લા, તાલુકા તથા ગ્રામ પંચાયતના ૧૧૪.૧૧ કરોડના મંજૂર થયેલા વિવિધ વિકાસના કામો તથા રોડ રસ્તાઓના કામો તથા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત વ્યકિતગત શૌચાલયો , કોમ્યુનીટી સોકપીટ, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના કામો કેટલશેડ, ચેકડેમ, પંચાયતઘર વગેરેના ૩.૫૬ કરોડના કામો આઈ.સી.ડી.એસ. વિભાગમાં ૫૬ લાખના કામો તેમજ પેટા આરોગ્યકેન્દ્રના ૫.૧૨ કરોડના કામોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ તથા સમરસ ગ્રામ પંચાયતોને ૪.૫૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી મુખ્યમંત્રીના વરદ હસ્તે કરવામાં આવશે.

જિલ્લા પંચાયત ચોક ખાતે મુખ્યમંત્રીનું જીલ્લા ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરાશે

રાજકોટ,તા.૩૦

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું રાજકોટ જીલ્લા ભાજપા દ્વારા જીલ્લા પંચાયત ચોક ખાતે રાજકોટ જીલ્લા ભાજપાના અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રી નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા તથા ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં પુષ્પવર્ષા, ડી.જે., આતશબાજી કરીને ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે.

જિલ્લા ભાજપ દ્વારા મુખ્યમંત્રી સન્માન કાર્યક્રમમાં રાજકોટ જીલ્લા ભાજપના હોદેદારઓ, ધારાસભ્યઓ, સાંસદઓ, તાલુકા ભાજપના પ્રમુખ-મહામંત્રીઓ, માર્કેટીંગ યાર્ડના ચેરમેન-વા.ચેરમેન, રા.લો.સંઘના ચેરમેન, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, જીલ્લા પંચાયતના તમામ ભાજપના ચૂંટાયેલા સભ્યઓ સહીતના જીલ્લાના આગેવાનો ઉપસ્થિત રહી સ્વાગત કરશે. તેમ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળએ જણાવ્યું હતું.

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ ૬૧ સ્વાગત પોઈન્ટમાં શહેરીજનો-સંસ્થાઓ દ્વારા પુષ્પવૃષ્ટિ કરાશે

રોડ-શો ના ૪ રૂટના સ્વાગતના કાર્યક્રમના સુચારૂ વ્યવસ્થા માટે વિવિધ વ્યકિતઓને જવાબદારી સોપાઇ

રાજકોટ.તા.૩૦

આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા માટે રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી,કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરના માર્ગદર્શન હેઠળ સ્વાગત, રોડ-શો, સાંસ્કૃતિક કાર્યક્રમ, બાઈક રેલી સહીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આ રોડ-શોના ૧ થી ૪ રૂટની વ્યવસ્થા માટે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ પાર્ટીના વિવિધ આગેવાનોને જવાબદારી સોંપવામાં આવેલ છે, જેમાં રૂટ-૧ માં વિરેન્દ્રસિંહ ઝાલા, પ્રફુલભાઈ કાથરોટીયા, મનીષ રાડીયા, પરેશ ઠુંબલ, ડો. માધવ દવે, રૂટ-૨ માં પુષ્કર પટેલ, રાજુભાઈ બોરીચા, અશોક લુણાગરીયા, મહેશ રાઠોડ, રૂટ-૩ માં વિક્રમ પુજારા, દિવ્યરાજસિંહ ગોહિલ, અનીલભાઈ પારેખ, નિતીન ભુત, અશ્વીન મોલીયા, રૂટ-૪ પર દેવાંગ માંકડ, વિનુભાઈ ઘવા, સુરેન્દ્રસિંહ વાળા, લલીત વાડોલીયાને જવાબદારીની સોંપણી કરવામાં આવેલ છે, તેમજ વાહન અંગેની વ્યવસ્થા નિલેશ જલુ અને જીજ્ઞેશ જોષી સંભાળી રહયા છે.

સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાતને દેશમાં પ્રથમ સ્થાન અપાવનાર મુખ્યમંત્રી અભિનંદનના અધિકારી : રાજુ ધ્રુવ

ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સુકાની મુખ્યમંત્રીને ઉમળકાભેર આવકારતા સૌરાષ્ટ્ર ભાજપ પ્રવકતા ધ્રુવ

રાજકોટ.તા.૩૦

દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતિ નિમત્તે તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર સુશાસન સમાહ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે અને આ સમાહના સમાપન સમારોહ માટે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ આવી રહ્યા છે ત્યારે જ સુશાસનની કોમ્પિટિટિવ રેન્કમાં ગુજરાત દેશભરમાં અગ્રસ્થાને આવ્યું છે તે બદલ સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે,દેશના તમામ રાજ્યો વચ્ચે થયેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રહ્યું છે જે દરેક ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. ગુજરાતે દસમાંથી પાંચ ક્ષેત્રો ઇકોનોમિકલ ડેવલોપમેન્ટ, માનવ સંસાધન વિકાસ, સાર્વજનિક બુનિયાદી માળખું અને ઉપયોગિતા, સમાજ કલ્યાણ, ન્યાય અને સાર્વજનિક સુરક્ષામાં ખૂબ જ સુંદર પ્રદર્શન કર્યું છે. સુશાસનની કોમ્પિટિટિવ બેંકમાં અન્ય રાજ્યોને પાછળ રાખીને ગુજરાતે ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે જે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમના મંત્રીમંડળના સભ્યોને પ્રયાસોને આભારી છે તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવ એમ પણ કહ્યું છે કે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં થઈ રહેલા વિકાસ કામો નાગરિકોની સુખાકારીમાં વધારો કરી રહ્યા છે. સુશાસન એકાંકી નથી, એ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી મળતી વિકાસ યાત્રાની સફળતા છે. આપણું ઘડતર અને સંસ્કાર સિંચન જ એવી કાર્ય સંસ્કૃતિમાં થયું છે જ્યાં જનકલ્યાણના કામો અને વિકાસ એ જ માત્ર લક્ષ્ય છે. વિકાસ સિવાય કોઈ વાત નહીં અને વિકાસમાં વિવાદ નહિ એ ગુજરાતનો હંમેશથી ધ્યેયમંત્ર રહ્યો છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતના સભ્ય, સરપંચથી લઈને મહાનગરોના મેયર, ધારાસભ્યો, મંત્રી અને સાંસદ સુધી સૌ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને જનહિતને સમર્પિત રહ્યા છે. તેથી જ આજે સમગ્ર દેશ-વિદેશમાં ગુજરાત રાજ્ય વિકાસ મોડેલ તરીકે પ્રસ્થાપિત થયું છે.મુખ્યમંત્રીના રોડ-શોમાં જોડાઈને તેમને અભિનંદન આપે તેવો ભારતીય જનતા પાર્ટી, સૌરાષ્ટ્રના પ્રવકતા રાજુભાઈ ધ્રુવએ અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરી ઋણ સ્વીકાર કરવા લોકોને અપીલ કરતા સાસંદો, ધારાસભ્યો

રાજકોટ: આવતીકાલે સુશાસન સમાહના પૂર્ણાહુતિ સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે રાજકોટ આવી રહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલનું રાજકોટની પ્રજાએ ભવ્ય સ્વાગત કરીને તેમના પ્રત્યેનો ઋણ સ્વીકાર કરવો જોઈએ તેવો અનુરોધ રાજ્યના મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સંસદસભ્યો મોહનભાઈ કુંડારિયા અને રામભાઈ મોકરિયા, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા સહિતના અગ્રણીઓ એ કરેલ હતો. ત્યારે ઉપરોક્ત આગેવાનોએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, છેલ્લા ૧૦૦થી વધુ દિવસોના શાસનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે અનેક લોકભોગ્ય નિર્ણયો લીધા છે અને પ્રજાને અનેક સવલતો આપી છે. રાજ્ય સરકાર કોરોના જેવી મહામારી સામે પણ લડી રહી છે અને ઓમિક્રોનના ખતરા સામે પણ આયોજન સાથે કામ કરી રહી છે. આવા પ્રજાભિમુખ મુખ્યમંત્રી રાજકોટ પહેલી વાર આવી રહ્યા હોઈ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે રાજકોટ શહેર જ નહીં પરંતુ આસપાસના વિસ્તારની પ્રજાએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવું જોઈએ તેવી અપીલ કરતાં મોહનભાઇ અને રામભાઇ એ જણાવ્યું છે કે, વર્તમાન મુખ્યમંત્રીએ રાજકોટ શહેર અને જિલ્લાના વિકાસ માટે પણ અનેકવિધ યોજનાઓને મંજૂરી આપી છે અને તેના પરિણામો ટૂંક સમયમાં પ્રજાને દેખાશે.આવા વિકાસશીલ મુખ્યમંત્રી રાજકોટ આવી રહ્યા છે ત્યારે તેમણે આવકારવા સૌની જવાબદારી છે.

શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના કાર્યકર્તાઓને ઉમટી પડવા અપીલ કરતા મહેશ રાઠોડ, મહેશ અઘેરા

રાજકોટ: રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ શુક્રવારે સવારે ૯ વાગ્યે રાજકોટની સર્વ પ્રથમ મુલાકાતે આવી રહ્યા હોવાથી તેમના સ્વાગત માટે જોરદાર તૈયારી થઈ રહી છે. રોડ-શોમાં લોકોને ઉમટી પાડવા માટે શહેર ભાજપ અનુ. જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારધી, વજુભાઈ લુનાશીયા, એ જણાવ્યુ છે કે, મુખ્યમંત્રી સ્વાગત કરવા માટે શહેર ભાજપ અનુ. જાતી મોરચા કાર્યકર્તાઓ રેસકોર્સ રિંગ રોડ ઉપર ઉપસ્થિત રહી મુખ્યમંત્રીના ભવ્યાતિભવ્ય સ્વાગતમાં શહેર ભાજપના તમામ મોરચા ના કાર્યકર્તાઓ જોડાઈને મુખ્યમંત્રીનું સ્વાગત કરે તેવો અનુરોધ કર્યો હતો.

રોડ-શોમાં ઉમટી પડવા પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, નીતિન ભારદ્વાજ, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયાની અપીલ

રાજકોટ : મુખ્યમંત્રીના સ્વાગત માટે રોડ શો યોજવામાં આવ્યો છે અને આ રોડ શોના સમગ્ર રૂટ ઉપર લોકો ફૂલ સાથે ઊભા રહીને મુખ્યમંત્રી ઉપર પુષ્પવર્ષા કરશે. અલભ્ય ક્ષણના સાક્ષી બનવા માટે રાજકોટવાસીઓને જાહેર આમંત્રણ છે. તેઓએ લોકોને જ્યારે મુખ્યમંત્રી તેમની પાસેથી પસાર થાય ત્યારે પુષ્પવર્ષા કરવા અથવા તાલીઓથી વધાવવા અનુરોધ કર્યો છે તેમ અંત માં પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ વિનોદભાઈ ચાવડા પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા ના પ્રમુખ ઉદયભાઈ કાનગડ, જીલ્લા પ્રભારીશ્રીઓ નીતિનભાઈ ભારદ્વાજ, કશ્યપભાઈ શુકલ, રક્ષાબેન બોળીયા એ જણાવ્યુ છે.

મુખ્યમંત્રીને આવકારવા રાજકોટ સજ્જ : કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઉમળકાભેર આવકારવા શહેરીજનોને શહેર ભાજપના પ્રભારી ઝવેરી ઠકરાર,શહેર પ્રમુખ કમલેશ મીરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કિરણબેન હરસોડા,લલિત વાડોલીયા, કિશન ટીલવા, મહેશ રાઠોડ, મહેશ અઘેરા, ભરત શિંગાળા, અસીફ સલોત, યાકુબભાઈ પઠાણની અપીલ

રાજકોટ: રાજ્યની ૬ કરોડની જનતાના લોકલાડીલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પહેલી વાર રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કરવું એ આપણી પરંપરા રહી છે જ્યારે આ તો આપણાં જ લોકલાડીલા મુખ્યમંત્રી રાજકોટ આવી રહ્યા છે ત્યારે તેમનું સ્વાગત કરવા માટે શહેર ભાજપના વિવિધ મોરચાના કાર્યકર્તાઓ રેસકોર્સ રીંગ રોડ ઉપર ઉપસ્થિત રહી મુખ્યમંત્રીના ભવ્યાતિભવ્ય સ્વાગતમાં શહેર ભાજપના તમામ મોરચા ના કાર્યકર્તાઓ જોડાઈને મુખ્યમંત્રીનું સ્વાગત કરે તેવો અનુરોધ કર્યો હતો.

ક્ષૌરકર્મ ધંધાદારી સમિતિ દ્વારા નાઇ વાણંદ સમાજના ભાઇઓને પધારવા અનુરોધ

મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરવાનું હોય તે માટે સમગ્ર નાઇ વાણંદ સમાજના ભાઇઓને પધારવા ક્ષૌરકર્મ ધંધાદારી સમિતિના પ્રમુખ અરવિંદ સોલંકી તથા ઇન્ચાર્જ રાજ ધામેલીયા યાદીમાં જણાવ્યું છે.

કાલે પાટીલ રાજકોટમાંઃ રોડ-શોને લીલીઝંડી આપશે

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેરક વિશેષ ઉપસ્થિતિ : રાજયના મંત્રીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહેશેઃ શહેર ભાજપ દ્વારા માઈક્રોપ્લાનીંગ :ભવ્ય સ્વાગત કરાશે



સમરસ થયેલ ૧૩૦ ગ્રામ પંચાયતોના સરપંચોનું સન્માનઃ આવાસ યોજના સહિતના કામો અંગે ચેક તથા સનદો અપાશે : પાંચ પ્રધાનો,મુખ્ય સચિવ સહિતના સચિવગણ હાજર રહેશેઃ ઠેર-ઠેર સ્વાગત મંચ ગોઠવાયા, તૈયારીને અપાતો આખરી ઓપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૩૦

આવતીકાલે તા.૩૧મી ડિસેમ્બરના રોજ સવારે રાજકોટ એરપોર્ટ ખાતે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ રાજકોટ આવનાર છે. સવારે ૧૦ વાગ્યે એરપોર્ટથી ડી.એચ કોલેજના ગ્રાઉન્ડ સુધી રોડ શો યોજાશે. કાર્યક્રમ પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલનો એરપોર્ટથી ડીએચ કોલેજ સુધી જાજરમાન રોડ-શો યોજાશે, સવારે ૧૦ વાગ્યે સીએમ આવી પહોંચ્યા બાદ પાંચ પ્રધાનો સાથે રોડ શો શરૂ થશે, રોડ-શોના રૂટ ઉપર ઠેરઠેર સ્વાગત મંચ ઉભા કરાયા છે, જડબેસલાક-પોલીસ બંદોબસ્ત રહેશે. રોડ શોમાં પાંચ પ્રધાનો અર્જુનભાઇ ચૌહાણ, બ્રીજેશ મેરજા, હર્ષ સંઘવી, અરવિંદભાઇ રૈયાણી, ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મુખ્ય સચિવ, અન્ય સચિવો, સાંસદ - ધારાસભ્યો, અધિકારીઓ-પદાધિકારીઓ-મેયર-સહિતના આગેવાનો હાજરી આપશે.

કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે રાજકોટ જીલ્લાની સમરસ થયેલ ૧૩૦ ગ્રામ પંચાયતોના સરપંચો, તથા ૫ વર્ષથી સમરસ થતી ગ્રામ પંચાયતોના સરપંચોનું બહુમાન થશે, આ ઉપરાંત પંચાયતના તમામ કામોનું લોકાર્પણ થશે, આવાસ યોજનાની સનદો, અને ચેકોનું - સહાયનું વિતરણ થશે. મુખ્યમંત્રીના કાર્યક્રમમાં જ્ઞાતિવાઇઝ નિમંત્રણો તથા મુખ્ય સ્ટેજ અને અન્ય બનાવાયેલ મંચો ઉપર આગેવાનોને સ્થાન અપાશે.

રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જિતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરના નેતૃત્વમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે.આ પ્રસંગે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિશેષ ઉપસ્થિત રહેશે.

આ તકે રાજકોટ એરપોર્ટ ખાતે સ્વાગતની વ્યવસ્થા કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧,૨,૩, ૮,૯,૧૦ના પ્રમુખો, મહામંત્રીઓ, પ્રભારીઓ સર્વે હિતેશ માડ, કાનાભાઈ ખાણધર, જયરાજસિંહ જાડેજા, દિલીપભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ગોહિલ, દશરથભાઈ વાળા, ભાવેશ ટોયટા, મનુભાઈ વઘાશીયા, દિનેશ કારીયા, હેમભાઈ પરમાર, રાજુ દરીયાનાણી, હિતેશ રાવલ, નિતીન ભુત, તેજશ જોષી, જયસુખ મારવીયા, કાથડભાઈ ડાંગર, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, પ્રદીપ નીર્મળ, હીરેન સાપરીયા, વિરેન્દ્ર ભટ્ટ, પ્રવીણભાઈ માડ, રજનીભાઈ ગોલ, હરેશ કાનાણી, પરેશ તન્ના વિગેરે સંભાળશે.

મુખ્યમંત્રીના રોડ-શોને લઈને રિહર્સલઃ ચાંપતો પોલીસ બંદોબસ્ત

એરપોર્ટથી ધર્મેન્દ્ર કોલેજ સુધીના તમામ રસ્તા બંધ કરાશે

રાજકોટઃ આવતીકાલે મુખ્યમંત્રીના રોડ શોમાં મુખ્યમંત્રીનું ભવ્ય અભિવાદન કરવામાં આવશે. મુખ્યમંત્રીને આવકારવા માટે એરપોર્ટથી ધર્મેન્દ્ર કોલેજ સુધીના ૩ રાજમાર્ગ પર બેનર-કટઆઉટ મૂકી સુશોભન કરવામાં આવી રહ્યા છે. તો ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડમાં સીએમની ઉપસ્થિતિમાં સુશાસન સમારોહનો પૂર્ણાહુતિ સમારોહ યોજવાનો હોઈ, વહીવટી તંત્ર દ્વારા કોલેજના ગ્રાઉન્ડમાં વિશાળ સમિયાણો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. કોલેજિયન છાત્રો દ્વારા આ તકે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં કોરોનાની ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવાનો દાવો વહીવટી તંત્ર દ્વારા કરાયો છે. આજે મુખ્યમંત્રીના રોડ-શોનું રિહર્સલ પણ કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રીના રોડ-શોને લઇને રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે જાહેરનામું પણ બહાર પાડ્યું છે, જેમાં કાલે સવારે ૯ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી શહેરના હાર્દ સમા રેસકોર્સથી યાજ્ઞિક રોડ સુધીના તમામ રસ્તા બંધ કરાવાશે તેમજ રોડ શોના રૂટમાં નો પાર્કિંગ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. મુખ્યમંત્રીનો કાફલો પસાર થાય એ માટે કોઈપણ પ્રકારનાં વાહનોને પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે.

(તસવીરઃ પંકજ ડાભી)

રાજકોટમાં કોરોનાનાં નવા ૨૭ કેસ, ઓમિક્રોનનાં કુલ ૫

મહાનગરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૬૦ થઇઃ ૧૫૦ જેટલા ઘર કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા

મહાનગરમાં ઝડપથી પ્રસરી રહ્યો છે કોરોના, સાવધાની ખૂબ જરૂરીઃ બાળકો અને વૃધ્ધોને સુરક્ષિત રાખવા શહેરીજનોને તાકીદ

સૌરાષ્ટ્રમાં મોરબીમાં કોરોનાનાં ૭ અને જામનગરમાં ઓમિક્રોનનાં ૩ કેસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં છેલ્લા એક સમાહથી કોરોનાનાં કેસોમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. સાથે-સાથે ઓમિક્રોનનાં પણ છુટા છવાયા કેસ બની રહ્યા છે. તેના પગલે શહેરીજનોને કોવિડ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરતા રહેવા વહીવટીતંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં નવા ૨૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. ઓમિક્રોનનાં કેસની સંખ્યા ૫ થઇ છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટ અને જામનગરમાં કોરોનાની સાથે-સાથે ઓમિક્રોન વાયરસ પણ ગતિ પકડી રહ્યું છે. જામનગરમાં આજે ઓમિક્રોનનાં ૩ નવા કેસ નોંધાયા હતા. રાજકોટમાં છેલ્લા ૨ દિવસ દરમ્યાન નવા ૨૭ કેસ નોંધાયા છે. આજે ગુરૂવારે બપોર સુધીમાં એકપણ નવો કેસ નોંધાયો નથી. રાજકોટમાં રીકવરી રેટ જળવાયો છે. રીકવરીનો રેટ ૯૮.૫૮ ટકા જેવો રહ્યો છે. સૌરાષ્ટ્રમાં અન્યત્ર મોરબીમાં કોરોનાનાં નવા ૭ કેસ નોંધાયા છે. ગુજરાતમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

ઝાકળ વર્ષા-માવઠા બાદ આજે ઠંડીમાં વધારો

રાજકોટમાં સવારે ૧૨.૯ ડીગ્રી : નલીયા ફરી ૮.૩ ડીગ્રી સાથે સૌથી ઠંડુ : જામનગર-ખંભાળીયામાં કુંકાતા પવનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૩૦

સૌરાષ્ટ્રમાં ઝાકળ વર્ષા અને કમોસમી માવઠા બાદ આજે ઠંડીમાં સામાન્ય વધારો નોંધાયો છે. નલીયા ૮.૩ ડીગ્રી સાથે આજે ફરી રાજયમાં સૌથી ઠંડુ શહેર બન્યુ છે. રાજકોટમાં ગઇકાલે ન્યુનતમ તાપમાન ૧૩.૮ ડીગ્રી હતું તો આજે ૧૨.૯ ડીગ્રી નોંધાયુ હતું. જામનગરમાં આજે પણ ધુમ્મસ વર્ષા સાથે ૧૩.૫ ડીગ્રી તાપમાન હતું તો ભુજમાં ૧૧.૮, દ્વારકા ૧૬, કંડલા ૧૪, ઓખા ૧૯, પોરબંદર ૧૫.૨, વેરાવળમાં ૧૫.૧ ડીગ્રી તાપમાન હતું. અમદાવાદમાં ૧૩ અને ડીસામાં ૧૧.૬ ડીગ્રી ન્યુનતમ તાપમાન હતું. જામનગર શહેરમા છેલ્લા ૨૪ કલાક દરમિયાન પવનની તીવ્રતામા વધારો નોંધાયો છે. હોવાથી ઠંડીમાં થોડો વધારો થયો છે. જો કે ભેજો નું પ્રમાણ વધતાં ઝાકળ વર્ષા થઇ છે. ઉપરાંત પવનની તીવ્રતામાં પણ વધારો થયો છે. જામનગર શહેરમા. આજે પણ ભેજનું પ્રમાણ યથાવત રહ્યું હતું, અને વહેલી સવારે ધુમ્મસ છવાયેલી જોવા મળી હતી આજે સવારે ઠંડીનો પારો ૧૫.૩ ડિગ્રી સુધી ઉપર ચડ્યો હોવાથી ઠંડી વધી છે. જો કે પવન ની તીવ્રતા માં વધારો જોવા મળ્યો છે. રાજસ્થાન પર સાયકલોનીક સર્ક્યુલેશનના પગલે હવાનું નીચું દબાણ નીચું સર્જાતાં ભર શિયાળે બર્ફીલા પવન ફૂંકાય રહ્યા છે. જામનગર જિલ્લા કલેકટર કચેરીનાં કન્ટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર આજે સવારે આઠ વાગે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૫.૩ ડિગ્રી સેન્ટિગ્રેડ મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું,

(અનુ.પાના નં.૪ ઉપર)

દિલ્હી અને અન્ય રાજ્યોમાં વ્હાઈટ કોલર ક્રાઈમની તપાસ થાય તો ગુજરાતમાં કેમ નહીં?

સૌરાષ્ટ્રમાં મલ્ટીલેવલ માર્કેટિંગનાં નામે કરોડો ગુમાવનાર રોકાણકારોને ન્યાય ક્યારે?: બહારનાં રાજ્યોમાંથી આવેલી અનેક પેઢીઓ ધોળે દિવસે લૂંટ કરીને પલાયન થઈ!

રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં હજારો ગરીબ અને મધ્યમ વર્ગી પરિવારોએ જીવનની મૂડી ગુમાવી દીધા હોવાના ઉદાહરણ ગલ્લીએ-ગલ્લીએ મોજુદઃ સિફત પૂર્વક ચાલાકીથી સભ્યપદનાં પીરામિડ બનાવી લોકોનાં ખિસ્સા ખંખેરવાની બહુ મોટી ઠગાઈ પ્રક્રિયા થકી લાખો લોકોને કરોડોમાં નવડાવી નાખ્યા, તંત્ર કેમ મૌન?

છેતરનારા કંપનીઓનાં એજન્ટોને વીણી-વીણીને પકડવા જરૂરી, પોલીસ ધારે તો સામેથી ફરિયાદ નોંધીને ઠગ કંપનીઓનાં લોકલ મળતિયા થકી કંપનીનાં બોસ સુધી પહોંચી શકે છે

(અસલમ ફારૂક)

રાજકોટ, તા.૩૦

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં છેલ્લા લગભગ એકાદ દાયકાનાં સમયગાળામાં મલ્ટીલેવલ માર્કેટિંગનાં રૂપાળા નામના ઓઠા હેઠળ હજારો લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી કરી હોવા છતાં છટકી ગયેલી અનેક એમએલએમ કંપનીઓ અને તેના સંચાલકો સામે આજદિન સુધીમાં સૌરાષ્ટ્રકે ગુજરાતમાં કોઈપણ પ્રકારની તપાસ પોલીસ તંત્ર કે સરકારનાં નાણા વિભાગ દ્વારા કરાવવામાં આવી નથી. તાજેતરમાં કેન્દ્ર સરકારે નવા કાયદા અંતર્ગત દિલ્હી અને એમપી જેવા રાજ્યોમાં આવી ઠગભગત કંપનીઓ સામે પગલા લેવાની તાકીદ કરી છે. ત્યારે આવી કંપનીઓ દ્વારા સૌથી વધુ છેતરપીંડીનાં કારનામાં જ્યાં કરવામાં આવ્યા છે. એવા ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ અને સૌથી વધુ આવી તપાસની જરૂરિયાત અનુભવાઈ રહી છે. ગુજરાતમાં એક તબક્કે ભોળા રોકાણકારોનાં મગજ પર આવી બનાવટી અને ફ્રોડ કંપનીઓએ એવી ભૂરકી છાંટી હતી કે, અનેક લોકો મલ્ટીલેવલ માર્કેટિંગનાં રોકાણનાં ચકરમાં બરાબરનાં ફસાઈ ગયા હતા. કેટલાક પરિવારોએ તો જીવન મૂડી ગુમાવી દીધી હતી અને ઘણા એ તો ઘર પણ વેચી નાખ્યા હોવાના કિસ્સા જે તે સમયે બન્યા હતા.

કેન્દ્ર સરકારે ખૂબ જ મહત્વનો નિર્ણય લઈને દેશમાં સભ્યોનો પીરામીડ બનાવી નાણા ઉઘરાવતી કંપનીઓ પર બ્રેક લગાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના કારણે ગુજરાતમાં પણ અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આવી ગોટાળાબાજ કંપનીઓનાં ઝપટમાં આવી કિંમતી મૂડી ગુમાવી દેનારા લાખો રોકાણકારોનાં મનમાં ન્યાય મળવાની આશા જાગી ઉઠી છે. સૌરાષ્ટ્રમાં લગભગ ૧ દાયકો એટલે કે ૧૯૯૦ થી ૨૦૦૦ સુધીમાં એક પછી એક કંપનીઓએ અન્ય રાજ્યોમાંથી અહીં આવીને એમએલએમ ની આંટીમાં ભોળા રોકાણકારોને ફસાવી દીધા હતા.

આ કંપનીઓ પૈકીની કેટલીક મુંબઈમાં તો કેટલીક ચેન્નાઈ, બેંગ્લોર, નાગપુર વગેરે મહાનગરોમાં હેડ ઓફીસ રાખીને બેઠી હતી. કંપનીઓ દ્વારા ખૂબ જ ખૂબી પૂર્વક અલગ-અલગ શહેરોમાં ઝાળ પાથરવામાં આવતી હતી. એમને સ્થાનિક ધોરણે મળતિયા પણ મળી જતા હતા. કંપનીનાં આ કહેવાતા સ્થાનિક એજન્ટો ચમકતી દમકતી કાર લઈને અને સ્માર્ટ મોબાઈલ રાખી એવો દેખાવ ઉભો કરતા હતા કે એમને ટૂંકાગાળામાં મળેલી વ્યવસાયિક સફળતા એમએલએમ કંપનીમાં થયેલા રોકાણને આભારી છે. જો કે આવા એજન્ટોની વાત પણ લોકોને ભ્રમમાં નાખવા પુરતી જ રહેતી હતી. કેમકે ચોક્કસ કંપનીઓ દ્વારા નાણાંકીય પ્રલોભનો આપીને અને કાર વગેરે પ્રોવાઈડ કરીને આવા પગારદાર એજન્ટોનું નેટવર્ક ઉભું કરવામાં આવતું હતું. બાદમાં આ એજન્ટો એમની બનાવતી સમૃધ્ધિનો રોપ છાંટીને એક અલગ ગ્રુપ બનાવતા હતા. એ ગ્રુપ એજન્ટની મોહ-જાળમાં ફસાઈને શિકાર શોધવાની પ્રક્રિયા શરૂ કરી દેતું હતું અને રોકાણકારોને ઓછા રોકાણમાં ઝડપી વધુ વળતરની લાલચો આપીને નાણા રોકવા માટે તૈયાર કરવામાં આવતા હતા. કેટલાક કિસ્સાઓમાં અમૂક રોકાણકારોને કંપનીનાં ષડયંત્ર મુજબ દર મહીને કે ત્રણ મહીને વળતર પણ અપાતું હતું. આ રીતે છાપ ઉભી કરીને એક શહેરમાંથી ચોક્કસ રકમ જમા થઇ ગયાનો ટાર્ગેટ પૂરો થઇ જતા રોકાણકારોને નવડાવી નાખવામાં આવતા હતા અને કંપનીએ શહેરમાંથી માયા સંકેલી લઈને અલોપ થઇ જતી હતી અને સાથે-સાથે કંપનીનાં સ્થાનિક મળતિયા એવા કહેવાતા ધનિક એજન્ટો પણ ભૂગર્ભ વાસી થઇ જતા હતા.

કેન્દ્ર દ્વારા તૈયાર કરાયેલા કાયદા મુજબ રાજ્યમાં આવી ઠગ કંપનીઓ સામે કાનૂની રાહે કડક પગલા જરૂરીઃ સ્થાનિક ધોરણે આવી કંપનીઓનાં કહેવાતા મેનેજર પણ ભુર્ગભમાં

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.